# દ્રવ્ય પ્રદીપ.

પ્રવર્ત્તક શ્રીમંગલવિજયજી.

॥ अर्हम् ॥

# દ્રવ્ય પ્રદીપ

કર્ત્તા

ન્યાયતીર્થ–ન્યાયવિશારદ

પ્રવર્ત્તક શ્રીમંગલવિજયજી.


પ્રકાશકઃ—

શ્રીયશોવિજય જૈન ગ્રન્થમાળા–વ્યવસ્થાપક

મંડળ તરફથી

શેઠ પ્રેમચન્દ રતનજી

તથા

શેઠ ચન્દુલાલ પુનમચન્દ

ભાવનગર.

વી. સં૦ ૨૪૪૭] [સંવત્ ૧૯૭૭

કાલબાદેવી રોડ ઉપર આવેલા ધી ઇન્ડીયન લક્ષ્મી પ્રીન્ટીંગ

વર્કસમાં કેશવલાલ સ્વરૂપચંદ સાથે છાપ્યું.

# પ્રસ્તાવના.

તીર્થંકરો પોતાનાં જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અન્તરાય-આ ચાર, આત્માના મૂળ ગુણને દબાવવાવાળાં જે કર્મ છે તેનો સર્વથા ક્ષય કરી તમામ પદાર્થને સાક્ષાત્કાર કરવાવાળું કેવળ જ્ઞાન પેદા કરી સંપૂર્ણ લોકાલોકનો સાક્ષાત્ કરી ઉપદેશ દેવાનો પ્રારંભ કરે છે. તેની દૃષ્ટિએ જેટલા પદાર્થો આવે છે તે તમામનું કથન તો કદાપિ થઇ શકેજ નહિ, કારણ કે કથન મુખદ્વારા થઇ શકે છે અને મુખથી તો શબ્દ અનુક્રમે નીકળી શકે તેથી જગત્ના તમામ પદાર્થોનું કથન કેવી રીતે થઇ શકે તે સહજ સમજી શકાય તેમ છે. જેટલા પદાર્થો જોવામાં આવે છે તેના અનન્તમા ભાગનું પણ કથન થઈ શકતું નથી તો પછી વિશેષની વાતજ શી કરવી? અભિલાપ્ય કરતાં પણ અનભિલાપ્ય પદાર્થો અનન્તગુણા છે, અને જેટલા અભિલાપ્ય છે તે પણ સંપૂર્ણ કહી શકાય તેમ નથી તો બીજાઓની વાતજ શી કરવી? અને જેટલા ઉપદિષ્ટ પદાર્થો છે તે પદાર્થોના સંગ્રહરૂપ શાસ્ત્રનું ગુંથન જો ન હોય તો ભવિષ્યકાલીન જીવોને તે દ્વારા લાભ કેવી રીતે આપી શકાય તે પણ વિચારણીય થઈ પડે. તેટલા માટે પરમ કૃપાળુ એવા તીર્થંકરના શિષ્યો કે જેને ગણધરના નામથી ઓળખાવવામાં આવે છે તેઓ પોતે તે ઉપદેશમાંથી પદાર્થોને ગ્રહણ કરી જે શાસ્ત્રનું ગુંથન કરે છે તેનું નામ દ્વાદશાંગી સમજવું. તે પણ ઘણી વિસ્તૃત હોવાથી અને શક્તિ, સંહનન, બુદ્ધિ વિગેરેની દિવસે દિવસે મંદતા થવાથી ભવભીરૂ અને તીક્ષ્ણ બુદ્ધિશાળી આચાર્ય

ભગવાનો તેના સારરૂપે ઉપાંગની રચના કરે છે. પ્રાકૃત ભાષા ગે રેનો અભ્યાસ અલ્પ હોવાને લીધે તે ઉપાંગો દ્વારા જ્યારે યથાર્થ લાભ લઇ શકાતો નથી એમ જાણવામાં આવ્યું ત્યારે કૃપાસિન્ધુ આચાર્યોએ તેમાંથી ભાવ લઇને તત્ત્વાર્થસૂત્ર, નવતત્ત્વ, જીવવિચાર, સંગ્રહણી, ક્ષેત્રસમાસ કર્મગ્રન્થ, કર્મપ્રકૃતિ, પંચસંગ્રહ વિગેરે પ્રકરણો બનાવ્યા છે, જેમ વૈદ્ય જેવા પ્રકારનો દરદી હોય તેવીજ રીતે તેની નાડીને અનુકુલ દવા કરે ત્યારેજ તે સમયજ્ઞ કહેવાય તેમ આચાર્યો પણ દેશ, ક્ષેત્ર, કાલ, ભાવનું જેવી રીતે પૂર્વાચાર્યો અનુસરણ કરતા આવ્યા છે તેવીજ રીતે અનુસરણ કરી ઉપદેશામૃતનું પાન જો કરાવે તો જ ભવ્યજીવના કલ્યાણની સાથ પોતાનું પણ કલ્યાણ અને સાથોસાથ જગત્‌માં હિતાવહ થઇ શકે, અન્યથા નહિ, એમ મારૂં માનવું છે. તેવા પ્રકરણો પણ સંસ્કૃત અને પ્રાકૃત ભાષામાં હોવાથી જેઓને તે ભાષાનો અભ્યાસ બીલકુલ ન હોય તેઓને તો તે લાભકર્ત્તા નીવડી શકેજ નહિ. તે માટે માતૃભાષામાં તેવા ગ્રંથોની જરૂર છે અને અનુવાદરૂપે સમજાવવાનું કામ તે કરી શકે કે જેણે ગુરૂગમપૂર્વક તેવા પદાર્થોનો સારો અભ્યાસ કર્યો હોય.

વર્તમાન કાળમાં તેવા પદાર્થોને જાણવાને સારૂ જો કે કેટલાક ગ્રન્થો બહાર આવ્યા છે તો પણ વાસ્તવિક રીતે વિચાર કરતાં તે બરાબર સંતોષદાયક થઇ શકે તેમ લાગતું નથી. જો કે તદ્દન ન હોય તેના કરતાં તેવા ગ્રન્થો પણ ઠીક છે; પરંતુ આટલાથી બેસી રહેવાનું કામ નથી. જે ગ્રન્થો સમય ઓળખી લખવામાં આવે તેજ ઘણા ઉપયોગી થઇ પડે. હાલ તેવા ગ્રન્થો લખવામાં કેટલાક લેખકો સારો ઉત્સાહ ધરાવે છે અને પ્રતિપાદક શૈલિથી કામ પણ સારૂં કરે છે એ ઘણા આનંદનો વિષય છે. આટલું પ્રાસંગિક કહ્યા

બાદ પ્રસ્તુતમાં જણાવવું જોઈએ કે છ દ્રવ્યના પ્રતિપાદકરૂપ દ્રવ્યપ્રદીપ ગ્રન્થની રચના પણ આધુનિક જન સમાજને છ દ્રવ્યનું જ્ઞાન મેળવવામાં ઉપયોગી થઇ પડે તેટલાજ માટે ગુર્જર ભાષામાં કરવામાં આવી છે.

આ ગ્રન્થની અન્દર ઉપોદ્‌ઘાતમાં જૈન દર્શનની ઉત્તમતા, પ્રમાણ, નય અને સપ્તભંગીનો સામાન્ય વિચાર કરવામાં આવ્યો છે.

પદાર્થનું સામાન્ય લક્ષણ જણાવ્યા બાદ ચૈતન્યસ્વરૂપ આત્માનું લક્ષણ, ચૈતન્યશક્તિના પ્રાદુર્ભાવનાં બાહ્ય અને આભ્યન્તર કારણોનું દિગ્દર્શન તથા જીવની સાથે કર્મના સંબંધનો વિસ્તૃત વિચાર પણ કરવામાં આવ્યો છે, અને સાથોસાથ આત્મા સંબંધી નિત્યાનિત્યનો વિચાર પણ બહુ સારી રીતે કરવામાં આવ્યો છે.

કિંચ, આત્માની સિદ્ધિ પણ યુક્તિ અને પ્રમાણદ્વારા કરવાની સાથ પૃથ્વી, પાણી, તેજ, વાયુ અને વનસ્પતિની અંદર પણ આત્મા છે કે નહિ એ સંબંધી વિચાર કરવાની તક પણ ભૂલવામાં આવી નથી, અને ઇન્દ્રિયોથી પણ આત્મા ન્યારો છે આ વાત પણ યુક્તિપુરઃસર સમજાવવામાં આવી છે.

જીવના ભેદો, સંસારી અને મોક્ષના જીવોની ટુંક સમજણની સાથ મુક્તિ મેળવવાનાં કારણો, તમામ જીવો મોક્ષમાં જવાથી સંસાર જીવથી શૂન્ય થઈ જવાના પ્રશ્નો અને તેના ઉત્તરો પણ યુક્તિપૂર્વક સમજાવવામાં આવ્યા છે. આટલું જીવ સંબંધી વિવેચન કર્યા બાદ પાંચ પ્રકારના અજીવ દ્રવ્યમાં પ્રથમ ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયનું પણ ખૂબ વિસ્તૃત વિવેચન કરવામાં આવેલ છે. આ બે

દ્રવ્યોને ઘણા લોકો નહિં માનતા હોવાથી તે સંબંધી વિશેષ પ્રશ્નો થાય એ સંભવિત છે, તેટલા માટે આ બે દ્રવ્યો યુકિત–પ્રમાણદ્વારા સમજાવવામાં આવ્યા છે.

આકાશ દ્રવ્યનું કેટલુંક વિવેચન કર્યા બાદ કાલના વિવેચનમાં વિચારભિન્નતાનો અવકાશ જણાવવાની સાથ કાલ દ્રવ્યરૂપ નથી, કિન્તુ દ્રવ્યના પર્યાયરૂપ છે એમ સારી રીતે જણાવવામાં આવ્યું છે, અને પ્રાસંગિક અલોકાકાશની સિદ્ધિ પણ કરવામાં આવી છે. આ તમામ વિવેચન કર્યા પછી છટ્ઠા પુદ્દગલદ્રવ્યને પણ લક્ષણપૂર્વક સમજાવવામાં આવેલ છે.

પુદ્દગલના વિચારમાં શબ્દ પણ પુદ્દગલદ્રવ્યથી બને છે–આ વાત ઉપર ખાસ લક્ષ્ય આપવામાં આવ્યું છે.

અપરંચ, પુદ્દગલના વિવેચનના પ્રસંગમાં બન્ધ, સૂક્ષ્મ-પણું, સ્થૂલપણું, સંસ્થાન, ભેદ, અન્ધકાર, છાયા, આતપ, ઉદ્યોત વિગેરે પદાર્થોનું પણ વિવેચન કરવામાં આવેલ છે.

આ છની અંદર એક ચેતનદ્રવ્ય છે અને બાકીનાં પાંચ અચેતનદ્રવ્યો છે.

આશ્રવ, બન્ધ, સંવર, નિર્જરા વિગેરેનો આની અંદરજ સમાવેશ થઇ જાય છે પરન્તુ આ સંક્ષિપ્ત વિવેચનમાં તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. એ તમામનું વિવેચન તત્ત્વા-ખ્યાનના ઉત્તરાર્ધમાં વિસ્તારથી કરવામાં આવશે.

છ દ્રવ્યના વિવેચનરૂપ આ ગ્રન્થની અંદર પ્રમાદથી અથવા અજાણથી જે કંઇ સ્ખલના થઇ હોય તે જણાવવા વાંચક વર્ગ પ્રયત્ન કરશે તો તે બીજી આવૃત્તિમાં ઉપયોગી થઇ પડશે.

લી૦ મંગલવિજય.

# વિષયાનુક્રમણિકા.


| વિષય. | | પૃષ્ઠ. |
|---|---|---|
| ૧ | ઉપોદ્‌ઘાત .... .... .... | ૧ |
| ૨ | પ્રમાણનો સામાન્ય વિચાર .... .... | ૩ |
| ૩ | સામાન્ય નયવિચાર .... .... | ૪ |
| ૪ | સપ્તભંગીસંક્ષેપ .... .... | ૫ |
| ૫ | પદાર્થનું લક્ષણ .... .... | ૧૩ |
| ૬ | દ્રવ્યનું બીજું લક્ષણ .... .... | ૧૪ |
| ૭ | આત્મનિરૂપણ .... .... | ૧૫ |
| ૮ | આત્માની સિદ્ધિ .... .... | ૨૨ |
| ૯ | આત્માની સાથે કર્મના સંબન્ધનો વિચાર .... .... | ૨૩ |
| ૧૦ | અનાદિ સંબન્ધના પણ નાશનો ઉપાય .... .... | ૨૮ |
| ૧૧ | જીવ સંબન્ધી વિવેચન .... .... | ૩૨ |
| ૧૨ | પૃથ્વીમાં જીવની સિદ્ધિ .... .... | ૩૪ |
| ૧૩ | પાણીમાં જીવની સિદ્ધિ .... .... | ૩૫ |
| ૧૪ | તેજમાં જીવની સિદ્ધિ .... .... | ૩૬ |

| વિષય. | | પૃષ્ઠ. |
|---|---|---|
| ૧૫ | વાયુમાં જીવની સિદ્ધિ .... .... | ૩૭ |
| ૧૬ | વનસ્પતિમાં જીવની સિદ્ધિ .... .... | ૩૭ |
| ૧૭ | દ્વીન્દ્રિય વિગેરેમાં જીવની સિદ્ધિ .... | ૪૦ |
| ૧૮ | અજીવતત્ત્વનિરૂપણ .... .... | ૪૨ |
| ૧૯ | ધર્માસ્તિકાય તથા અધર્માસ્તિકાયનું નિરૂપણ .... | ૪૨ |
| ૨૦ | આકાશનું નિરૂપણ .... .... | ૪૯ |
| ૨૧ | કાલનું નિરૂપણ .... .... .... | ૫૧ |
| ૨૨ | પુદ્ગલદ્રવ્યનું નિરૂપણ .... .... | ૫૬ |
| ૨૩ | શબ્દમાં પુદ્ગલદ્રવ્યપણાની સિદ્ધિ .... | ૫૭ |

॥ अर्हम् ॥

नमो नमः श्री प्रभुधर्मसूरये ॥

# દ્રવ્ય-પ્રદીપ.

## ઉપોદ્ઘાત.

સર્વ દર્શનશાસ્ત્રોમાં જૈન સાહિત્ય દિવસે દિવસે જેવી રીતે પ્રકાશમાં આવ્યું છે તેવી રીતે જો તેના પ્રચાર માટે સતત પ્રયત્ન કરવામાં આવે તો હું નથી ધારી શકતો કે તે દરેક કરતાં અગ્રગણ્ય ભાગ ન લઇ શકે. જે લોકોને જૈન દર્શન જોવાનો સુઅવસર પ્રાપ્ત થયેલ છે તે લોકો તો તેની ગંભીરતા, યુકિત-નિપુણતા ઇત્યાદિક વિષે એકે અવાજે ઉદ્ઘોષણા કરી રહ્યા છે અને બીજાઓને પણ પોતે કહે છે કે જેને નિર્વાણ પદની પ્રાપ્તિની ઇચ્છા હોય તેણે તો જરૂર તેનો અભ્યાસ કરવો જોઈએ. યથાર્થ રીતે ગુરૂગમપૂર્વક જો જૈન સાહિત્યનો અભ્યાસ કરવામાં આવે તો તેથી અધઃ પતન થાય એમ કદાપિ સમજવું નહિ, પરન્તુ દિન પ્રતિદિન ઉચ્ચ કોટિનીજ પ્રાપ્તિ થાય એ વાત સ્વાનુભવસિદ્ધ છે.

જૈન દર્શનમાં જીવ અને અજીવ એ બે પદાર્થના વિવેચનની ઉપરાંત કર્મનો જીવની સાથે કેવી રીતે સંબન્ધ થાય છે અને તેનાથી મુકત કેમ થવાય છે એ સંબન્ધી વિવેચન

તો એવી સૂક્ષ્મ દૃષ્ટિથી બારીક રીતે કરવામાં આવ્યું છે કે તેવું અન્યત્ર કરવામાં આવ્યું નથી એમ કહીએ તો પણ લગાર માત્ર અતિશયોકિત જેવું છેજ નહિ. પ્રમાણ–પ્રમેયના વિવેચન માટે પણ સંમતિતર્ક, સ્યાદ્વાદરત્નાકર, અનેકાન્ત જયપતાકા જેવા પ્રૌઢ ન્યાયના ગ્રન્થો કે જેમાં બીજા સામાન્ય પુરૂષો તો પ્રવેશ પણ કરી શકે નહિ તેવા જ્યારે વિદ્યમાન છે, ત્યારે તેની આગળ બીજા દાર્શનિક ગ્રન્થો કેવા પ્રકારના છે તે વિષે તો સ્વયં અભ્યાસ કરવાથી અભિપ્રાય આપી શકાય તેમ છે, એમાં બીજાને સમજાવવાની કાંઇ પણ આવશ્યકતા છેજ નહિ. વળી એ વાત પણ વિદિત છે કે જ્યારે વાસ્તવિક પદાર્થનું જ્ઞાન થાય ત્યારે ઇન્દ્રજાળની માફક માયિક પદાર્થ ઉપર બુદ્ધિમાનોને મોહ કદાપિ થઇ શકે નહિ. જે પદાર્થો યુકિતરૂપ કસોટી ઉપર આવવાથી વિખરઈ જાય તેવાને વન્ધ્યાપુત્રની માફક પદાર્થજ કેવી રીતે કહી શકાય ? પ્રમાણ અને નય આ બંને તત્ત્વો જૈન દર્શનનું વાસ્તવિક જ્ઞાન સંપાદન કરવામાં મુખ્ય સાધન રૂપ છે. તે સિવાય જૈન દર્શનરૂપ વજ્રમય કિલ્લામાં પ્રવેશ થઇ શકેજ નહિ. આ બંને ઉપાયો એવા મજબુત છે કે તે દ્વારા ગમે તેવા ગહન પદાર્થનું પણ જ્ઞાન કરવામાં લગાર માત્ર કઠિનતાનો અવકાશ રહેતોજ નથી, પરન્તુ આ બે તત્ત્વોની જ્યાં સુધી યથાર્થ ઓળખાણ થાય નહિ ત્યાં સુધી બીજાં તત્ત્વોની ઓળખાણ પણ વન્ધ્યાપુત્ર સમાન સમજવી.

પદાર્થ ઓળખવાના બે પ્રકાર છે. પ્રથમ પ્રકાર સ્વાર્થાધિગમના નામથી જ્યારે પ્રસિદ્ધ છે, ત્યારે બીજાને પરાર્થાધિગમ કહેવામાં આવે છે. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃ

પર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન આ પાંચ પ્રકાર સ્વાર્થાધિગમના સમજવા. પાંચ ઇન્દ્રિયો અને મનોદ્વારા યોગ્ય દેશમાં રહેલી વસ્તુને જે ઓળખાવે તે મતિજ્ઞાન કહેવાય. શ્રોત્ર ઇન્દ્રિયથી શબ્દ શ્રવણ કર્યા બાદ મનોદ્વારા પદાર્થવિષયક આન્તરિક જે બોધ થાય તે શ્રુતજ્ઞાન કહેવાય. ઇન્દ્રિય અને મનની અપેક્ષા વિના અવધિ જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી રૂપી પદાર્થનો જે બોધ થાય તે અવધિજ્ઞાન કહેવાય. તેવીજ રીતે મનઃ પયર્વજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી બીજા લોકોએ ચિન્તવન કરવા માટે ગ્રહણ કરેલ અને મનોરૂપથી પરિણત થયેલ જે મનોવર્ગણા દ્રવ્ય તેનો જે સાક્ષાત્કાર કરવો તે મનઃ-પર્યવ જ્ઞાન કહેવાય. કેવળજ્ઞાનાવરણીય કર્મના ક્ષયથી તમામ પદાર્થનો જે સાક્ષાત્કાર કરવો તેને કેવળજ્ઞાન કહેવામાં આવે છે. આ પાંચ જ્ઞાન સ્વાર્થાધિગમ સ્વરૂપ છે.

## પ્રમાણનો સામાન્ય વિચાર.

બીજાને સમજાવવાની ખાતર જે વાકય--રચના કરવામાં આવે અને તે દ્વારા પરને જે બોધ થાય તેને પરાર્થાધિગમ કહેવામાં આવે છે. તે પરાર્થાધિગમ પણ શ્રુત જ્ઞાન રૂપ હોવાથી તેને પરોક્ષ પ્રમાણ રૂપ સમજવું.

મતિજ્ઞાન પણ ઇન્દ્રિય તથા અનિન્દ્રિય દ્વારા થતું હોવાથી તે વ્યાવહારિક પ્રત્યક્ષ રૂપ છે. અને પારમાર્થિક રૂપે તો તે પણ પરોક્ષજ છે.

અવધિજ્ઞાન, મનઃ પર્યવજ્ઞાન અને કેળવજ્ઞાન આ ત્રણને તો પ્રત્યક્ષ પ્રમાણ રૂપ સમજવાં.

## સામાન્ય નય વિચાર.

ઉપર્યુક્ત પ્રમાણથી પ્રકાશિત થયેલ જે પદાર્થ, તે વિષયક જૂદી જૂદી દૃષ્ટિથી ઉત્પન્ન થતા યથાર્થ જે જૂદા જૂદા અભિપ્રાયો તેને નય કહેવામાં આવે છે. દૃષ્ટાન્ત તરીકે જેમ એકજ જીનદત્તને જૂદા જૂદા અભિપ્રાયથી કાકો, ભાઈ, પિતા, પુત્ર, મામો, ભાણેજ, ભત્રીજો, જમાઇ, સસરો, સાળો વિગેરે ઉપનામોથી સંબોધવામાં આવે છે તે જૂદા જૂદા સાપેક્ષ અભિપ્રાયોને નય સિવાય બીજું કાંઇ પણ સમજવાનું છેજ નહિ અર્થાત્ પ્રમાણથી પ્રકાશિત થયેલ પદાર્થના પ્રત્યેક ધર્મદ્વારા તેની ઉપર વિશેષ પ્રકાશ પાડવાવાળા અભિપ્રાયનેજ નય સમજવો.

પદાર્થમાં એકજ ધર્મ રહેલો છે એમ તો કોઈ પણ બુદ્ધિશાળી કહી શકે તેમ નથી, પરન્તુ અનેક ધર્મવાળી વસ્તુમાં અમુક ધર્મને અનુકુળ જે અભિપ્રાય બાંધવો તેને જૈન શાસ્ત્રકાર નય કહે છે.

આ પ્રમાણ અને નય એ બે સાધનદ્વારા જૈન દર્શનનું જ્ઞાન સારી રીતે સંપાદન કરી શકાય તેમ છે. અતએવ પ્રમાણનયદ્વારા જીવાદિ પદાર્થના દરેક પર્યાયનું યથાર્થ જ્ઞાન સપ્તભંગી દ્વારા જે કરવું તેને પ્રમાણ સપ્તભંગી અને નય સપ્તભંગી કહેવામાં આવે છે. તે સપ્તભંગીનું વિશેષ વિવેચન જો કે સપ્તભંગી–પ્રદીપ નામના ગ્રન્થમાં કરવામાં આવ્યું છે તો પણ સ્થાલીપુલાક ન્યાયથી આ ઠેકાણે પણ વાનકી રૂપે કિંચિત્ વર્ણન જે કરવું તે પણ અસ્થાને ગણાશે નહિ.

# સપ્તભંગી સંક્ષેપ.

એકજ પદાર્થની અંદર સાપેક્ષ રીતે રહેલ અસ્તિપણું, નાસ્તિપણું, જ્ઞેયપણું, વાચ્યપણું, નિત્યપણું, અનિત્યપણું, સામાન્યપણું, વિશેષપણું વિગેરે અનેક ધર્મોની મધ્યે દરેક ધર્મવિષયક પ્રશ્નની ઉપસ્થિતિ થવા છતાં પણ પ્રત્યક્ષાદિ પ્રમાણોથી અવિરૂદ્ધપણે જે વિધિપ્રતિષેધરૂપ ધર્મોના પર્યાલોચનપૂર્વક સ્યાત્ પદના ચિહ્નવાળા જે વચનના સાત પ્રકાર તેનું નામજ સપ્તભંગી સમજવું. તે વાત દૃષ્ટાન્તદ્વારા સમજાવવામાં આવે છે.

કપડામાં કેવળ સત્ત્વ ધર્મજ છે એમ જો કહેવામાં આવે તો તે વાકય પરિપૂર્ણ સમજવું નહિ, કારણ કે વસ્ત્ર સુતરનું બનેલું હોવાથી તે દ્રવ્યની અપેક્ષાએ જો કે કપડામાં સત્ત્વ છે તો પણ માટી વિગેરેથી વસ્ત્ર નહિ બનેલું હોવાથી તે દ્રવ્યની અપેક્ષાએ વિચાર કરતાં કપડામાં સત્ત્વનો વિરોધી બીજો અસત્ત્વ નામનો ધર્મ માનવામાં પણ લગાર માત્ર અડચણ જેવું છેજ નહિ. તેમજ વસ્ત્ર અનિત્યજ છે એમ જો સાહસથી કહેવામાં આવે તો તે વાકય પણ અધુરૂંજ સમજવું, કારણ કે તેજ વસ્ત્ર ફાડીને જયારે કોટ, જાકીટ, ખમીસ વિગેરે વસ્તુઓ બનાવવામાં આવે છે ત્યારે તેની અપેક્ષાએ વસ્ત્રને અનિત્ય કહેવામાં જો કે અડચણ નથી તો પણ પુદ્‌ગલ દ્રવ્ય રૂપે તેનો નાશ બીલકુલ ન થતો હોવાથી તે અનિત્યજ છે એમ આપણાથી વિચાર કર્યા સિવાય કેવી રીતે બોલી શકાય? માટે દરેક ઠેકાણે અમુકની અપેક્ષાથી સત્ત્વ છે, અમુકની અપેક્ષાથી અસત્ત્વ છે, અમુકની અપેક્ષાથી નિત્ય છે અને

અમુકની અપેક્ષાથી અનિત્ય છે એમ કહીએ ત્યારેજ તે વાકય પરિપૂર્ણ કહેવાય. અતએવ દરેક ઠેકાણે અપેક્ષાનો સૂચક શબ્દ પ્રયોગ કર્યા સિવાય તો તેવા અર્થનું ભાન થઈ શકે નહિ એમ ચોક્કસ સમજવું.

જો કે સ્યાદ્વાદના સારા અભ્યાસીને તો અપેક્ષાસૂચક શબ્દ વિના તેવા પ્રકારનો બોધ થવો સુલભ છે, પરંતુ અનેકાંતવાદમાં જે લોકોએ કુશળતા મેળવી નથી તેને માટે તો ખાસ કરી અપેક્ષા–સૂથક શબ્દનો પ્રયોગ કરવો જરૂરનો છે.

## સાત વચન પ્રયોગોની સમજણ.

૧ પ્રથમ વચનપ્રયોગ–કપડું અનિત્ય છે આ કથન પણ યથાર્થ છે. પરંતુ અમુક અપેક્ષાથી સમજવું. આ વાકયથી કોટ, જાકીટ, ખમીસ, વિગેરે કપડાના પર્યાયો બનતા હોવાથી તે પર્યાયોની અપેક્ષાએ કપડામાં મુખ્ય રીતે અનિત્યનું વિધાન છે એમ સમજવું.

૨ બીજો વચનપ્રયોગ—કપડું અનિત્ય નથી અર્થાત્ નિત્ય છે; આ કથન પણ અમુક અપેક્ષાથી બરાબર સમજવાનું છે. આ વાકયથી પણ જો કે કોટ, જાકીટ, ખમીસ વિગેરે પર્યાયની અપેક્ષાથી કપડામાં અનિત્યનું વિધાન છે તો પણ સુતરરૂપ પુદ્ગલ દ્રવ્યની અપેક્ષાથી એનો નાશ નહિ થતો હોવાથી તેની અપેક્ષાએ કપડામાં મુખ્યરૂપે અનિત્યનો નિષેધ સમજવાનો છે.

૩ ત્રીજો વચનપ્રયોગ–કોઇએ કહ્યું જે કપડું અનિત્ય છે અને નિત્ય પણ છે. આ કથન પણ અમુક અપેક્ષાએ વિચાર કરતાં બરાબર માલુમ પડે છે, કારણ કે પર્યાયથી વિચાર

કરતાં અનિત્યતાનો પણ અનુભવ થાય છે અને દ્રવ્યથી વિચાર કરતાં નિત્યતા પણ અનુભવગોચર છે. આ વાકયથી અનિત્ય-પણાનું વિધાન અને નિષેધ આ બંને ધર્મોનું અનુક્રમે કથન સમજવાનું છે.

૪ ચોથો વચનપ્રયોગ–કપડું કોઈ અપેક્ષાએ અવક્તવ્ય છે. ત્રીજા ભંગના કથન પ્રમાણે તો કપડું અનિત્ય અને નિત્ય છે એમ બંને રીતે અનુક્રમે બતાવવામાં કાંઈપણ અડચણ જેવું નથી. પરંતુ અનુક્રમને છોડીને એક કાલમાં એક સાથે કપડું અનિત્ય છે એમ જો કહેવું હોય તો તેને માટે અનિત્ય અથવા નિત્ય આ બેમાંથી કોઇપણ શબ્દ કામ લાગતો નહિ હોવાથી અવકતવ્ય શબ્દથી તેનો વ્યવહાર કરવામાં આવે છે. વાત પણ બરાબર છે. કપડામાં નિત્યપણાનો જેમ અનુભવ થાય છે તેમ અનિત્યપણાનો પણ અનુભવ થાય છે. આથી એમ સમજવાનું નથી કે કપડું કેવળ નિત્યજ છે અથવા તો અનિત્યજ છે, પરંતુ નિત્યાનિત્ય સ્વરૂપ વિલક્ષણ જાતિવાળું પણ છે. આવા સમયમાં કપડાને વાસ્તવિક રૂપે અનિત્ય અને નિત્ય એમ બંને અનુક્રમે નહિ બતાવતાં જ્યારે એક સાથે બતાવવું હોય ત્યારે તેને માટે ખાસ કોઇ શબ્દ નહિ હોવાથી કપડું અવકતવ્ય છે એમ કહેવામાં આવે છે. કોઈપણ શબ્દ એક સાથે નિત્યની સાથે અનિત્યનું પ્રતિપાદન કરવાનું સામર્થ્ય રાખી શકતો નથી, કારણ કે તેવી રીતે પ્રતિપાદન કરવામાં શબ્દની શકિત છેજ નહિ. એક વાર ઉચ્ચારણ કરેલ શબ્દ એકજ અર્થનું પ્રતિપાદન કરી શકે છે. આ ઠેકાણે વિચારવાનું એ છે જે એક સાથે મુખ્યપણે નહિ કહી શકાતા એવા નિત્યત્વ અને અનિત્યત્વ ધર્મો અવકતવ્ય

શબ્દથી પણ કહી શકાતા નથી, પરન્તુ તે ધર્મો પ્રધાનપણે એક સાથે નહિ કહી શકાતા હોવાથી વસ્તુમાં તે ધર્મોની માફક અવક્તવ્ય નામનો ધર્મ માનવામાં આવે છે, અતએવ અવક્તવ્ય ધર્મનો અવક્તવ્ય શબ્દથી વ્યવહાર કરવો તેજ ઉચિત ગણાય.

ઉપર બતાવેલ ચાર વચન-પ્રયોગ પૈકી પ્રથમના બે તો મૂળ વચનપ્રયોગો છે, અને પાછળના બે તો પ્રથમના બે વચનપ્રયોગના સંબંધથી ઉત્પન્ન થયેલા છે. અમુકની અપેક્ષાથી કપડું અનિત્ય છે અને અમુકની અપેક્ષાથી નિત્ય છે. આ બે વાકયો જે અર્થને બતાવે છે તેજ અર્થને ત્રીજો વચન પ્રયોગ અનુક્રમે બતાવે છે, અને તેજ અર્થને એક સાથે બતાવનાર ચોથા વચનપ્રયોગ ઉપર વિચાર કરતાં સહજ સમજી શકાય તેમ છે કે કપડું કોઈ અપેક્ષાએ અવકતવ્ય પણ છે. પરન્તુ એકાન્તથી કપડું અવકતવ્યજ છે એમ સમજવાની ભુલ કોઇએ લગાર માત્ર કરવી નહિ. એમ માનવાથી તો અમુકની અપેક્ષાએ કપડું અનિત્ય છે, અમુકની અપેક્ષાએ કપડું નિત્ય પણ છે આવું જે વકતવ્યપણાનું ભાન થાય છે તે બીલકુલ નહિ થાય. આ ચાર વચનના પ્રયોગ ઉપરથી અન્તિમ ત્રણ પણ ઉત્પન્ન કરી શકાય છે.

૫ પાંચમો વચનપ્રયોગ–આ પ્રયોગ અમુકની અપેક્ષાએ કપડું અનિત્યપણાની સાથે અવકતવ્ય છે એમ પણ સમજાવે છે.

૬ છઠો વચનપ્રયોગ–અમુક અપેક્ષાથી નિત્યપણાની સાથે અવકતવ્ય પણ છે એમ બતાવે છે.

૭ સાતમો વચનપ્રયોગ—અમુક અપેક્ષાથી કપડું અનિત્ય અને નિત્ય હોવાની સાથે અવક્તવ્ય પણ છે આવી રીતે ખૂબ દૃઢતાપૂર્વક જણાવે છે.

ભાવાર્થ—કપડાની ઓળખાણ સામાન્યપણે નિત્ય, અનિત્ય અને અવક્તવ્ય એમ ત્રણ પ્રકારે કરાવવામાં આવી. એમાંથી પણ કોઇ અપેક્ષાએ અનિત્યપણાની સાથે અવકતવ્યપણું પણ કપડામાં છે એ પણ ભુલવા જેવું નથી, અને કોઇ અપેક્ષાએ નિત્યપણાની સાથે અવક્તવ્ય પણ કપડું છે તેમજ કોઈ અપેક્ષાએ અનુક્રમે નિત્યત્વ તથા અનિત્યત્વની સાથે અવક્તવ્યપણું પણ જરૂર માનવા લાયક છે

આ ત્રણ વચનના પ્રયોગને ઉપરના ચારની સાથે મેળવવાથી સાત વચનના જે પ્રયોગ થયા તેના સમુદાયનું નામજ સપ્તભંગી રાખવામાં આવ્યું છે. આ સાતે વચન-પ્રયોગો જૂદી જૂદી અપેક્ષાએ ભિન્ન ભિન્ન દૃષ્ટિએ સમજવાના છે; કોઈ પણ ચીજ કેવળ એકાંત દૃષ્ટિએ માનવાની છેજ નહિ. જો કદાચ એકને એકાંત દૃષ્ટિએ માનવા જઈએ તો બીજું અસત્ય ઠરે અને એ વાત તો કોઇને ઇષ્ટ હોઈ શકે નહિ.

આ સપ્તભંગીના બે વિભાગો પાડવામાં આવ્યા છે. એકનું નામ સકલાદેશ અને બીજાનું નામ વિકલાદેશ. અમુકની અપેક્ષાથી કપડું અનિત્ય છે-આ વાકયથી અનિત્યપણારૂપ કપડાના ધર્મની સાથે બીજા પણ જેટલા ધર્મો તેમાં રહેલા છે તે તમામનો બોધ કરાવવાનું કામ સકલાદેશનું છે, અને વસ્તુના તમામ ધર્મોને વિષય કરનારૂં પ્રમાણવાકય પણ તેનુંજ નામ છે.

અમુક અપેક્ષાથી કપડું અનિત્ય છે—આ વાકયથી કપડાના માત્ર અનિત્યત્વ ધર્મને સમજાવવાનું કામ વિકલાદેશનું છે, અને તેજ વિકલાદેશને નય-વાકયના નામથી ઓળખાવવામાં આવે છે. નય તે પ્રમાણનો અંશ છે; પ્રમાણ જ્યારે સંપૂર્ણ વસ્તુને ગ્રહણ કરે છે ત્યારે નય તેમાંથી એક અંશને પકડે છે.

પ્રશ્ન—પ્રત્યેક અનિત્યત્વ તથા નિત્યત્વની અપેક્ષાથી ત્રીજા વચન પ્રયોગને જૂદી રીતે શા માટે માનવો જોઇએ? કારણ કે પ્રત્યેક ઘટ પટની અપેક્ષાથી ઘટ પટ રૂપ ઉભયમાં જેમ કાંઈ પણ ભેદ માલૂમ પડતો નથી. તેમ જ્યારે પ્રત્યેક નિત્યત્વ તથા અનિત્યત્વની અપેક્ષાએ નિત્યત્વ અનિત્યત્વ રૂપ ઉભયમાં ભેદ માલૂમ પડતો નથી ત્યારે ઉભયને પ્રતિપાદન કરવાવાળા ત્રીજા વાકયને અલગ માનવાની શી જરૂર છે?

ઉત્તર—પ્રત્યેક ઘટ પટની અપેક્ષાથી ઘટપટ ઉભયને જેમ જૂદા માનવામાં આવેછે તેમજ આ ઠેકાણે ત્રીજા વચન પ્રયોગને પણ જરૂર જૂદો માનવો જોઇએ, કારણ કે પ્રત્યેક ઘકાર તથા ટકારની અપેક્ષાથી ઘટ પટ ઉભયને જૂદા માનવામાં નહિ આવે તો એકલા ઘકારના ઉચ્ચારણ માત્રથી ઘટ પદાર્થનો બોધ થવો જોઇએ અને ટકાર તો નકામો છે એમ પણ સાથ માનવું જોઇએ. આજ કારણથી પ્રત્યેકની અપેક્ષાથી ક્રમિક ઉભયને પ્રતિપાદન કરવાવાળા ત્રીજા વચન પ્રયોગને પણ તેની માફક જૂદો માનવો જોઈએ.

પ્ર.—ત્રીજાની અપેક્ષાથી ચોથામાં શો ભેદ છે કેમકે ત્રીજામાં ઉભયનું અનુક્રમે ભાન થાય છે અને ચોથામાં એક

સાથે ભાન થાય છે ? કિંચ, આવા પ્રકારનો ખ્યાલ તો કોઇને પણ નથી કે ઘટ પટ ઉભયના અધિકરણમાં ક્રમિક ઉભય જૂદું છે, અને સાથે બોધ કરાવવાવાળું ઉભય જૂદું છે. આથી એ સમજવાનું જે ત્રીજાની અપેક્ષાથી ચોથાને જૂદો બીલકુલ ન માનવો જોઇએ.

ઉ.–ત્રીજામાં અસ્તિત્વ–નાસ્તિત્વરૂપ ઉભય ધર્મનું અથવા તો નિત્યત્વ–અનિત્યત્વ રૂપ ઉભય ધર્મનું પ્રાધાન્યછે અને ચોથામાં અવક્તવ્યરૂપ ધર્માન્તરનું પ્રાધાન્ય છે. આ કારણથી ત્રીજાની અપેક્ષાએ ચોથાને અલગ માનવામાં આવેછે.

પદાર્થનું કેવળ સત્ત્વજ સ્વરૂપ છે એવો નિયમ નથી, કેમકે સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાલ અને સ્વભાવની અપેક્ષાથી સત્ત્વની માફક પરદ્રવ્યાદિની અપેક્ષાથી અસત્વપણ જયારે દૃષ્ટિ ગોચર થાય છે ત્યારે કેવળ સત્ત્વજ વસ્તુનું સ્વરૂપ છે એમ કેવી રીતે માની શકાય ? એમ હોવા છતાં પણ જો કેવળ સત્ત્વનેજ પદાર્થના ધર્મ તરીકે માનવામાં આવે તો પટ વિગેરે તમામ ધર્મોની ઘટમાં સત્તા માનવાથી જગત્માં ઘટ સિવાય બીજી કોઈપણ વસ્તુ દૃષ્ટિગોચર ન થવી જોઇએ. કિંચ. આ ઘટ છે, પટ નથી આવો જે પ્રસિધ્ધ વ્યવહાર છે તેનો પણ ઉચ્છેદ થઇ જવાનો.

અપરંચ. કેવળ અસત્ત્વજ વસ્તુનું સ્વરૂપ નથી, કારણકે પરદ્રવ્યાદિથી અસત્ત્વની માફક સ્વદ્રવ્યાદિથી સત્ત્વ પણ અનુભવસિધ્ધ છે. જો કેવળ પર દ્રવ્યાદિની અપેક્ષાથી અસત્વનેજ માનવામાં આવે તો શૂન્યતા સિવાય જગત્માં કોઈ પણ

વસ્તુનું ભાન થવુંજ ન જોઇએ. માટે અસત્વની માફક સત્વને પણ જરૂર વસ્તુનું સ્વરૂપ અલગ માનવું જોઇએ.

તથા વસ્તુ કેવળ સત્વાસત્ત્વ ઉભય રૂપ જ છે એમ પણ માનવાની ભુલ કોઇએ કરવી નહિ, કારણ કે ઉભયથી વિલક્ષણ જાત્યન્તર ધર્મ પણ જોવામાં આવે છે. જેમ બદામ, સાકર, વરીઆળી, ગુલાબનાં ફુલ, કાળા મરી, પાણી, વિગેરે સામગ્રી મળવાથી ઠંડાઇ બને છે અને તે ઠંડાઇ એ બધી ચીજોથી અલગ વિલક્ષણ પદાર્થ રૂપે મનાય છે, તેમજ ઉભયથી વિલક્ષણ જાત્યન્તર રૂપ અવકતવ્ય નામનો ધર્માન્તર પણ જરૂર જૂદો માનવો જોઇએ. કિંચ. ઉભયથી વિલક્ષણ અવકતવ્ય રૂપ જાત્યન્તરજ વસ્તુનું સ્વરૂપ છે, ઉભય ધર્મ સ્વરૂપ વસ્તુ છેજ નહિ, એવો પણ નિયમ કદાપિ બાંધવો નહિ, કારણ કે એજ ઠંડાઇ રૂપ વસ્તુમાં પ્રત્યેક ચીજોના ગુણો પણ જ્યારે અલગ અલગ માલૂમ પડેછે ત્યારે વસ્તુનો કેવળ અવકતવ્યત્વરૂપ જ ધર્મ છે, ઉભય ધર્મ છેજ નહિ એમ કેવી રીતે માની શકાય ?

ભાવાર્થ—પ્રથમના બે મૂળ ભાંગાઓ છે, અને પાછળના બે સંયોગથી ઉદ્‌ભવેલા છે, અને છેલ્લા ત્રણ ઉપરના ચારથી ઉપજાવી કાઢેલા છે એમ સમજવું. આ સપ્તભંગી દરેકની ઉપર ઘટાવી શકાય છે. એવો કોઇપણ પદાર્થ નથી કે જેની ઉપર તે ઘટાવી શકાય નહિ.

આ પ્રકારે સંક્ષેપથી પ્રમાણ, નય, સપ્તભંગી બતાવ્યા બાદ જે દ્રવ્યોની અન્દર તેને ઘટાવવામાં આવેછે તે દ્રવ્યોનું સંક્ષેપથી કંઇ સ્વરૂપ સમજાવવામાં આવે છે. ઉપોદ્‌ઘાત રૂપે આટલું કહ્યા બાદ હવે પ્રસ્તુત વિષય ઉપર આવીએ.

## પદાર્થનું લક્ષણ

ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યથી જે યુક્ત હોય તેને દ્રવ્ય કહેવામાં આવે છે. આ ઠેકાણે દ્રવ્ય અને પદાર્થ એ બે એકજ છે એમ ખાસ ખ્યાલમાં રાખવાનું છે.

જે પોતાના મૂળ દ્રવ્યરૂપ અન્વયિનો ત્યાગ કર્યા સિવાય એક પરિણામને છોડીને બીજા પરિણામને પ્રાપ્ત કરે તેને ઉત્પાદ કહેવામાં આવે છે. આ વાતને દૃષ્ટાન્તથી સમજાવવામાં આવે છે. સોનાના કડાને ભાંગીને જ્યારે કંદોરો બનાવવામાં આવે છે ત્યારે તે કડા વિગેરેની અવસ્થાઓ બદલાવા છતાં પણ સુવર્ણરૂપ મૂળ દ્રવ્ય તો સર્વમાં વિદ્યમાન છે. તેમાંથી સોનું પોતે પોતાના સોનાપણાનો ત્યાગ કર્યા સિવાય કંદોરાના આકારને જે પ્રાપ્ત થયું તેનું નામજ ઉત્પાદ સમજવો.

પોતાના મૂળ અન્વયિ દ્રવ્યનો ત્યાગ કર્યા સિવાય પૂર્વ પર્યાયનો જે નાશ થવો તેને વ્યય કહેવામાં આવે છે. જેમ તેજ કંદોરો ઉત્પન્ન થતાં સોનાપણાનો ત્યાગ કર્યા વિના પૂર્વ પર્યાયરૂપ કડાનો જે નાશ થયો તેનેજ વ્યય સમજવો.

અન્વયિ રૂપથી જેનો નાશ થયો નથી, અને થશે પણ નહિ તે ધ્રૌવ્ય સમજવું. જેમ કડું ભાંગી કંદોરો બનાવવામાં આવ્યો, કંદોરો ભાંગી વીંટી બનાવવામાં આવી, પરન્તુ સુવર્ણ દ્રવ્ય તો દરેકમાં અન્વયિરૂપે વર્તમાન છે. અથવા જેમ જિનપાલ બાલ્યાવસ્થાનો ત્યાગ કરી યુવાવસ્થાને આધીન થયો; તેનો ત્યાગ કરી વૃધ્ધ થયો તો પણ ચૈતન્ય રૂપથી તે

જિનપાલનો નાશ થયો પણ નથી અને થવાનો પણ નહિ, કિન્તુ તે રૂપથી શાશ્વત છે તેનું નામજ ધ્રૌવ્ય સમજવું.

## દ્રવ્યનું બીજું લક્ષણ.

ગુણ પર્યાયવાળું હોય તે પણ દ્રવ્ય કહેવાય. આ ઠેકાણે સહભાવીને ગુણ કહેવામાં આવેછે, અને અનુક્રમે થવાવાળાને પર્યાય સમજવો. દ્રવ્યના મૂળ બે ભેદ છે, જીવ દ્રવ્ય અને અજીવ દ્રવ્ય. તેમાં પણ અજીવ દ્રવ્યના પાંચ ભેદ છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય અને કાલ.

જ્ઞાન–દર્શન વિગેરે સાથે રહેવાવાળા જીવના સહભાવી ગુણો સમજવા. દેવપણું, મનુષ્યપણું, તિર્યંચપણું, નરકપણું, પુરૂષપણું, સ્ત્રીપણું, નપુંસકપણું, બાલ્યાવસ્થા, સુખ–દુઃખ, અગુરૂલઘુ વિગેરે ક્રમભાવી જીવના પર્યાય સમજવા.

ચલન, સહાયપણું, અરૂપીપણું, અસંખ્યાતપ્રદેશપણું વિગેરે સહભાવી ધર્માસ્તિકાયના ગુણો સમજવા, અને અગુરૂલઘુ વિગેરેને ક્રમભાવી પર્યાય સમજવા. સ્થિતિ, સહાયપણું વિગેરે અધર્માસ્તિકાયના સહભાવી ગુણો અને અગુરલઘુ વિગેરે પર્યાયો સમજવા.

રૂપીપણું, અચેતનપણું, સક્રિયત્વ, પૂરણ ગલન સ્વભાવ વિગેરે પુદ્ગલના સહભાવી ગુણો છે. અને સૂક્ષ્મપણું, સ્થૂલપણું,

ભેદ, અન્ધકાર, છાયા વિગેરે અનુક્રમે થવાવાળાને પર્યાય કહેવામાં આવે છે. વર્તના, પરિણામ, અચેતનપણું, અરૂપીપણું વિગેરે કાલના સહભાવી ગુણો સમજવા, અને અતીત, અનાગત, વર્તમાનપણું વિગેરે ક્રમભાવી પર્યાયો સમજવા. પ્રાસંગિક આટલું વિવેચન કર્યા બાદ હરેકનું લક્ષણદ્ધારા સ્વરૂપ સમજાવવામાં આવે છે.

## આત્મ નિરૂપણ.

બાહ્ય, આભ્યન્તર બંને નિમિત્તની સદ્ભાવ દશામાં સામગ્રીને અનુકુળ આત્માને ચૈતન્ય નામના પરિણામવિશેષનો જે આવિર્ભાવ થાય તેનું નામ ઉપયોગ કહેવાય અને તેજ જીવનું લક્ષણ સમજવું. જેમ ઘડાની ઉત્પત્તિમાં દંડ, ચક્ર, દોરી, કુંભાર વિગેરે બાહ્ય નિમિત્તો છે, અને સ્નેહગુણવાળી માટી વિગેરે આભ્યન્તર નિમિત્ત છે. જ્યારે આ બંને નિમિત્તો હોય ત્યારે ઘડો ઉત્પન્ન થાય છે. તેમજ મતિજ્ઞાન વિગેરે ઉપયોગમાં પણ પ્રકાશવાળું સ્થાન, પદાર્થોની સાથે ઇન્દ્રિયોનો સંયોગ થવો, યોગ્ય દેશમાં વસ્તુનું રહેવાપણું વિગેરે બાહ્ય નિમિત્તો સમજવાં. જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ અથવા ક્ષય વિગેરે આભ્યન્તર નિમિત્તો સમજવાં જે જ્ઞાન સંપાદન કરવું તે જ્ઞાનને અનુકુળ બંને નિમિત્તો મળવાથી તે જ્ઞાનનો ઉપયોગ થાય છે.

દર્શનની સામગ્રી મળવાથી વસ્તુનું સામાન્ય રૂપે ભાન કરાવનાર દર્શન ઉપયોગ ઉત્પન્ન થાય છે, અને જ્ઞાનની સામગ્રી મળવાથી વસ્તુને વિશેષ રૂપે ભાન કરાવનાર જ્ઞાન ઉપ-

યોગ ઉત્પન્ન થાય છે. આત્મા પોતે જ્ઞાનાદિ ધર્મથી સર્વથા ભિન્ન પણ અને અભિન્ન પણ નથી, કિન્તુ ભિન્નાભિન્નરૂપ જાત્યન્તર છે. જ્ઞાનાદિ ગુણોથી સર્વથા ભિન્ન આત્માને માનવામાં આવે તો હું જાણું છું, હું દેખું છુ-, હું જ્ઞાતા છું, હું દૃષ્ટા છું, હું સુખી છુ, હું દુઃખી છું એવો જે અભેદ પ્રતિભાસ થાય છે તે કેવી રીતે થાય તેનો વિચાર આપ પોતેજ કરશો, માટે સર્વથા અભિન્ન માની શકાય નહિ. તેમજ જ્ઞાનાદિ ધર્મો આત્માથી સર્વથા ભિન્ન છે એવી રીતે પણ માની શકાય તેમ નથી, કારણ કે આ ધર્મી છે, આ ધર્મો છે એવો જે ભેદ પ્રતિભાસ થાય છે તે બીલકુલ ન થવો જોઇએ. અતએવ સર્વથા ભિન્ન તથા અભિન્ન ન માનતાં ભિન્નાભિન્ન રૂપ જાત્યન્તર માનવા તેજ સર્વોત્તમ છે. વળી, આત્મા કેવળ નિત્ય પણ નથી તથા અનિત્ય પણ નથી, કિન્તુ નિત્યાનિત્ય સ્વરૂપ છે. જો આત્માને સર્વથા નિત્ય માનવામાં આવે તો હિંસા વિગેરે તેમાં ઘટી શકે નહિ, અને જ્યારે હિંસાની ઉપપત્તિ થઇ શકતી નથી ત્યારે અહિંસાની પાલનાતો હોયજ કયાંથી ? કૂટસ્થ નિત્ય આત્મા નિષ્ક્રિય હોવાથી મરવાનો પણ નથી અને મારવાવાળો પણ જ્યારે નથી ત્યારે આપજ બતાવીએ કે તેવા આત્મામાં હિંસા કેવી રીતે ઘટી શકે, અને જ્યાં હિંસાજ ઘટી શકતી નથી ત્યાં તેના અભાવરૂપ અહિંસા ઘટેજ કયાંથી એ વાત પણ સહજ સમજી શકાય તેમ છે.

કિંચ, અહિંસાની ઉપપત્તિ જે દર્શનમાં બની શકે નહિ તેમાં અહિંસા રૂપી કલ્પવૃક્ષના રક્ષણ માટે કરવામાં આવેલ સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહરૂપ ચારે બાજુની વાડની

પણ શી જરૂર છે તેનો વિચાર સ્વયમેવ કરશો; અને અહિંસા, સત્ય વિગેરે જ્યાં ઘટી શકતા નથી ત્યાં યોગના અંગભૂત યમ-નિયમની આચરણા પણ મોહની ચેષ્ટા સિવાય બીજું શું કહી શકાય ? નિત્ય આત્માની સાથે શરીરનો સંબન્ધ પણ પરિણામાન્તર થયા સિવાય કેવી રીતે થઇ શકે, અને જ્યારે આત્માની સાથે શરીરનો સંબન્ધ થઇ શકતો નથી ત્યારે સંપૂર્ણ સંસાર કાલ્પનિક છે, વાસ્તવિક નથી, એમ માનવામાં શી અડચણ છે તે જણાવશો.

ધર્મથી ઊર્ધ્વ ગતિ મળે છે, અધર્મથી અધોગતિ મળે છે અને જ્ઞાનથી મોક્ષ મળે છે–આવા વાક્ય ઉપર વિશ્વાસ પણ સંસાર કાલ્પનિક ઠરતો હોવાથી કેવી રીતે આવી શકે? માટે, આત્મા સર્વથા નિત્ય છે એમ બીલકુલ માનવું નહિ.

આ દોષથી મુકત થવા માટે જો આત્માને સર્વથા અનિત્ય માનવામાં આવે તો ચોરથી ભયભીત થયેલ પુરૂષ જેમ ચોરની પલ્લીનો આશ્રય લે તેના જેવું ગણાય, કારણ કે તેમાં પણ દોષનો અવકાશ બરાબર રહેછે.

સર્વથા ક્ષણિક આત્માની અન્દર પણ હિંસા વિગેરે ઘટી શકે તેમ નથી કારણ કે તેના વિનાશ કાલમાં ચિરસ્થાયી વિનાશ કરવાવાળો જયારે બીજો કોઇ છેજ નહિ ત્યારે હિંસા કોને લાગુ પડી શકે, અને તે સિવાય અહિંસા પણ કેવી રીતે ઘટી શકે ? આ મારવાવાળો છે, આ મરવાવાળો છે, આ વધ્ય છે, આ ઘાતક છે, આ ઉપકારી છે. આ ઉપકારક છે, આ દેવાદાર છે, આ લેણદાર છે, અમુકને મેં જોયો હતો,

અમુકને યાદ કરૂં છું, આ હિંસ્ય છે, આ હિંસક છે એવો જે જગત્પ્રસિદ્ધ વ્યવહાર થાય છે તેની પણ ઉપપત્તિ કેવી રીતે થવાની, તથા ક્ષણવારમાં નાશ થવાવાળા આત્માની અન્દર અહિંસાની પાલના પણ કોણ કરી શકે, અને તે સિવાય મોક્ષ પણ કેવી રીતે મળે, ધર્મથી ઊર્ધ્વ ગતિપણ કોને, અધર્મથી અધોગતિ પણ કોને, અને તત્ત્વજ્ઞાનથી વાસનાના નિરોધરૂપ મોક્ષ પણ કોને મળવાનો એનો એકાંત બેસી ખૂબ વિચાર કરશો; માટે સર્વથા અનિત્ય પણ આત્મા માની શકાય તેમ નથી, કિન્તુ નિત્યાનિત્ય સ્વરૂપ તથા શરીરથી ભિન્નાભિન્ન રૂપ માનવામાંજ હિંસા વિગેરે સર્વની ઉપપત્તિ થવાની.

બાલ્યાવસ્થારૂપ પૂર્વ પર્યાયના ત્યાગપૂર્વક યુવાવસ્થારૂપ જે ઉત્તર પર્યાયનો ઉત્પાદ થયો તેનું નામજ અનિત્યતા સમજવી, અને ચૈતન્યપણું તો બંને અવસ્થામાં રહેવાથી તેની અપેક્ષાએ આત્મા નિત્ય છે એમ કહેવામાં પણ લગાર માત્ર અડચણ નથી.

જેનો કોઇ પણ રૂપથી નાશ પણ ન થાય તેમ ઉત્પાદ પણ ન થાય કિન્તુ સ્થિર એકજ સ્વભાવવાળો રહે એવું જો નિત્યનું લક્ષણ બાંધવામાં આવે તો જરૂર અડચણ આવી શકે. પરન્તુ નવા નવા પર્યાયોને પ્રાપ્ત કરે તો પણ પોતાના અન્વયિ દ્રવ્યથી જેનો નાશ ન થાય એવું નિત્યનું લક્ષણ બાંધવામાં તો કોઇ પણ જાતની અનુપપત્તિ છેજ નહિ.

આ આત્મા શરીરથી સર્વથા ભિન્ન પણ નથી તેમ અભિન્ન પણ નથી, કિન્તુ ભિન્નાભિન્ન રૂપ છે. જો સર્વથા ભિન્ન માન-

વામાં આવે તો ગર્દભને લાકડી મારવાથી જેમ ઊંટને લાગતી નથી તથા વેદના પણ ઊંટને થતી નથી કિન્તુ ગધેડાનેજ થાયછે તેમજ શરીરની ઉપર તલવાર વિગેરેના ઘા મારવાથી પણ આત્માને વેદનાનો અનુભવ ન થવો જોઇએ, કારણ કે તે બંને સર્વથા ભિન્ન છે, પરન્તુ એમ તો છેજ નહિ; જરૂર વેદનાનો અનુભવ તો થાયછે; માટે સર્વથા ભિન્ન પણ શરીર ન માનવું જોઇએ. સર્વથા આત્માથી શરીર અભિન્ન છે એમ જો માનવામાં આવે તો શરીરનો વિનાશ થવાથી આત્માનો પણ તેની સાથે નાશ થવો જોઇએ, કારણ કે આપ લોક આત્માને શરીરથી સર્વથા અભિન્ન માનો છો; અને જ્યારે આત્માનો નાશ થયો ત્યારે તે શરીરદ્વારા કરેલ શુભાશુભ ફળનો અનુભવ પણ કોને થવાનો તેનો પણ સાથ વિચાર કરશો.

આવા દોષોથી મુક્ત થવા માટેજ આત્માથી શરીર સર્વથા ભિન્ન નથી તેમ અભિન્ન પણ નથી કિન્તુ ભિન્નાભિન્ન સ્વરૂપ છે એમ જરૂર માનવું જોઇએ. તેવાજ આત્માની અંદર દ્વેષબુદ્ધિએ દુઃખ દેવાથી તથા શરીરનો વિનાશ કરવાથી અને "હું એને મારૂં" એવા સંકિલષ્ટ અધ્યવસાયથી હિંસા ઘટી શકે છે, કારણ કે જ્યારે પર્યાયથી આત્માનો નાશ થતો માલૂમ પડેછે ત્યારે તેમાં પીડા વિગેરે જરૂર ઉત્પન્ન કરાવી શકાય તેમ છે. અને જ્યાં પીડા થતી હોય ત્યાં દુઃખ અવશ્ય થવું જોઇએ. જ્યારે બીજાને દુઃખ દેવાનો પ્રયત્ન કરવામાં આવે ત્યારે હિંસા કેમ ન થાય એનો વિચાર આપજ કરશો અને જ્યારે હિંસાની ઉપપત્તિ થઇ ત્યારે તેની વિરોધી અહિંસા પણ જરૂર ઘટી શકે. અને તેના સદ્ભાવમાં સત્યાદિની પાલના પણ યુક્તિયુક્તજ છે, અને જ્યાં અહિંસા સત્ય વિગેરેની

પાલના હોય ત્યાં મુક્તિ પણ અવશ્ય મળી શકે.

પ્ર૦ વધ્ય પુરૂષે તેવાજ પ્રકારનું કર્મ બાંધેલ હોવાથી જયારે તે પોતાના કર્મથી મરતો હોય ત્યારે મારવાવાળાને હિંસા કેવી રીતે લાગુ પડી શકે, માટે નિત્યાનિત્ય પક્ષમાં પણ હિંસાની ઉપપત્તિ થઇ શકવાની નહિ.

ઉ૦ કોઇ પણ કાર્ય કેવળ ઉપાદાન કારણ માત્રથી થઇ શકતું નથી, પરન્તુ તેમાં નિમિત્ત કારણની પણ અપેક્ષા જરૂર રહે છે. જેમ ઘટનું ઉપાદાન કારણ માટી વિદ્યમાન છે તોપણ જ્યાંસુધી દંડ વિગેરે નિમિત્ત કારણો અને કુંભાર રૂપ કર્ત્તા કારણ ન હોય ત્યાં સુધી ઘડો કદાપિ બનવાનો નહિ તેમ પ્રકૃતમાં પણ તેના હાથથીજ તે ઠેકાણે મરવા રૂપ હિંસ્ય કર્મ સ્વરૂપ ઉપાદાન કારણ વિદ્યમાન છે તો પણ શસ્ત્ર વિગેરે નિમિત્ત તથા કર્ત્તા કારણ વિગેરે સામગ્રીની પણ અપેક્ષા જરૂર રહેછે. જ્યારે તે સામગ્રી પણ અપેક્ષિત છે ત્યારે આપ જ કહો કે મારવાવાળાને હિંસા કેમ ન લાગે અને જ્યારે હિંસા લાગુ પડી શકે છે ત્યારે તેનાથી દૂર થવા રૂપ અહિંસા પણ જરૂર ઘટી શકવાની.

હિંસાથી બચવાના ત્રણ ઉપાયો છે. એક તો સાચો ઉપદેશ, બીજો ચારિત્ર મોહનીય કર્મનો ક્ષયોપશમ, ઉપશમ તથા ક્ષય, અને ત્રીજો શુભ અધ્યવસાય. આ ત્રણ ઉપાયોનું સેવન કરવાથી હિંસાથી બચી શકાય છે. અતએવ સ્વર્ગ અને મોક્ષનું મુખ્ય કોઇ પણ સાધન હોય તો તે કેવળ અહિંસાજ છે, અને તે કલ્પવૃક્ષના રક્ષણ માટે વાડ તુલ્ય

સત્ય વિગેરેની પાલના પણ ન્યાય–યુક્ત છે એમ દરેક બુધ્ધિમાન્ કબૂલ કરી શકે તેમ છે.

કિંચ, જેમ દીવાનો પ્રકાશ જેવડું સ્થાન મળે તેટલા સ્થાનમાં વ્યાપ્ત થઇને રહે છે તેમજ આત્મા પણ સૂક્ષ્મ નામકર્મના ઉદયથી સૂક્ષ્મ શરીરમાં વ્યાપીને રહે છે, અને બાદર નામકર્મના ઉદયથી સ્થૂલ શરીરમાં વ્યાપ્ત થાય છે. જેમ તલમાં તેલ છે, દહીંમાં માખણ છે તેમજ શરીર માત્રમાંજ વ્યાપીને રહેવાવાળો આત્મા છે. ધર્મથી ઊર્ધ્વ ગતિ અને અધર્મથી અધોગતિ તથા જ્ઞાનથી મોક્ષ આ વાકય પણ શરીરાવચ્છિન્ન આત્માને માનવાથીજ ચરિતાર્થ થઇ શકે છે, પરન્તુ વ્યાપક માનવાથી તો કોઇ પણ રીતે એની ઉપપત્તિ થઇ શકવાની નહિ, કારણ કે જ્યારે આત્મા વ્યાપક છે ત્યારે તો તે સર્વ ઠેકાણે છે તો આપજ બતાવીએ કે અધોગતિથી ઊર્ધ્વગતિમાં પણ કોણ જવાનો અને મોક્ષ પણ કોને? જ્યારે કોઇપણ સ્થાન ખાલી છેજ નહિ ત્યારે ગમન પણ કેવી રીતે થવાનું અને ગમન સિવાય નીચે ઊંચે જવાપણું પણ કોને–એનો વિચાર એકાન્તમાં બેસીને કરશો તો જરૂર વાસ્તવિક અર્થનો ખ્યાલ આવવાનો.

મનુષ્ય, તિર્યંચ, દેવ અને નારકી વિગેરે પર્યાયોનું અનુસરણ કરવાવાળો પણ તેજ આત્મા છે, અર્થાત્ ભવાન્તરગામી પણ આત્મા છે તે વિષે કંઇક વિશેષ વિવેચન કરવામાં આવે છે.

# આત્માની સિદ્ધિ.

બાલક ઉત્પન્ન થતી વખતે માતાનું સ્તનપાન કરવાની પ્રવૃત્તિ પોતાની મેળેજ કરવા લાગે છે. જેમ બીજા દિવસમાં પોતાની મેળે કરે છે તેમજ ઉત્પત્તિ કાલમાં પણ શિક્ષણ વિના જ્યારે તેવી પ્રવૃત્તિ આપણી દૃષ્ટિગોચર થાય છે ત્યારે તેને પૂર્વ ભવનો તેવા પ્રકારનો અભ્યાસ છે એમ જરૂર આપણે માનવું જોઇએ. જો એને પૂર્વભવનો અભ્યાસ ન હોય તો ઉત્પન્ન થયા બાદ તરતજ પોતાની મેળે તેવા પ્રકારની પ્રવૃત્તિ કેવી રીતે કરી શકે? કદાચ સમજો કે અકસ્માત્ તેવા પ્રકારની પ્રવૃત્તિ કરી તો પણ તે દૂધને પેટમાંજ લઇ જવું, બહાર થુંકીને કાઢવું નહિ એવું જ્ઞાન કયાંથી આવ્યું? માટે પૂર્વભવનો અભ્યાસ માન્યા સિવાય આ સર્વ ઉપપત્તિઓ થઇ શકવાની નહિ એમ જરૂર સમજવું. પૂર્વ જન્મની અન્દર પણ તેવા પ્રકારની પ્રવૃત્તિ તેના અગાડીના ભવના અભ્યાસથી સમજવી. એવી રીતે પરંપરા માનતાં સંસાર પણ અનાદિ સિદ્ધ થાય છે; અને જ્યારે સંસાર અનાદિ છે ત્યારે ભવાન્તર પણ જરૂર છે એમ ખાસ ધ્યાનમાં રાખવું. જ્ઞાનાદિ ગુણો આત્માનાજ સમજવા, શરીરના નહિ; કારણકે ઘડાની માફક શરીર જડ અને મૂર્ત્ત છે, ચક્ષુથી પ્રત્યક્ષ પણ છે, અને આત્મા તો ચૈતન્ય શકિતવાળો તથા અમૂર્ત્ત છે, ઇન્દ્રિયપ્રત્યક્ષથી પણ રહિત છે. જે પદાર્થ રૂપી હોય તેનુંજ ઇન્દ્રિયદ્વારા પ્રત્યક્ષપણું થાય, માટે આત્માનાજ જ્ઞાનાદિ ગુણો સમજવા એ વાત ચોકકસ થઇ સમજવી

કિંચ, શુભાશુભ કર્મનો કર્ત્તા અને તેના ફળનો ભોકતા પણ આત્માજ છે, કેમકે કર્મ સિવાય એક રાજા, એક રંક,

એક રોગી, એક નીરોગી, એક પ્રજ્ઞાવાન્ બીજો બુદ્ધિરહિત, એક કાન્તિવાળો, બીજો ખરાબ રૂપવાળો, એક ધનાઢ્ય, બીજો દરિદ્ર, એક સૌભાગ્યશાળી, બીજો દુર્ભાગી એવી વિચિત્રતા કેવી રીતે બની શકે?—માટે કર્મનો સંબંધ પણ આત્માની સાથે માનવો જોઇએ.

## આત્માની સાથે કર્મના સંબંધનો વિચાર.

પ્ર૦ કર્મની સાથે જીવનો સંબંધ અનાદિકાલથી માનો-છો, અથવા સાદિ કહેતાં અમુક સમયથી શરૂ થયો એમ માનો છો—આ બે પ્રશ્નો તે વિષયમાં કરવામાં આવે છે.

જો સાદિ સંબંધ માનશો તો તેમાં પણ ત્રણ પ્રશ્નનો અવકાશ જરૂર રહેવાનો, અને તે એ કે પ્રથમ જીવ અને પાછળથી કર્મ થવાથી સંબંધ થયો એમ આપનું માનવું છે અથવા તો પ્રથમ કર્મ થયાં અને પાછળથી જીવની સાથે સંબંધ થયો, અથવા ડાબા જમણા ગાયનાં શીંગડાંની માફક બંને સાથે ઉત્પન્ન થયાં અને સાથે સંબંધ થયો એમ માનો છો—આવા પ્રકારની શંકા તો જરૂર ઉત્પન્ન થવાની.

તેમાં પણ જો પ્રથમ પક્ષ માનશો તો જ્યાં સુધી કર્મ ઉત્પન્ન થયાં નહિ ત્યાં સુધી જીવ કર્મ વિનાનો હોવાથી સિદ્ધ સમાનજ છે, અને જ્યારે કર્મ ઉત્પન્ન થયાં ત્યાર પછી નિષ્કર્મ જીવની સાથે સંબંધ થયો–આવું જો કદાચ પ્રથમ પક્ષના સ્વીકારથી માનવામાં આવે તો જેમ સંસારના જીવોની સાથે સંબંધ થયો તેમજ મોક્ષના જીવોની સાથે સંબંધ કેમ

ન થાય, કારણ કે નિષ્કર્મપણું તો કર્મ ઉત્પન્ન થયાની પહેલાં બંને જીવોમાં બરાબર છે, ત્યારે એવી કંઈ રાજ આજ્ઞા નથી કે નિષ્કર્મ હોવા છતાં પણ એકની સાથે કર્મનો સંબન્ધ થાય અને બીજાની સાથે ન થાય; અને જયારે મોક્ષના જીવોની સાથે સંબન્ધ થયો ત્યારે તો મોક્ષના જીવો સંસારી રૂપે થ-યા અને સંસારના જીવો જયાં સુધી કર્મ પેદા થયાં નથી ત્યાં સુધીની અવસ્થામાં સિદ્ધ સ્વરૂપ છે એમ પણ કેવી રીતે ન કહી શકાય એનો વિચાર આપજ કરશો. અથવાતો બંનેમાં કર્મનો સંબન્ધ થવાથી બંને સંસારી છે, મોક્ષના જીવ કોઈ છેજ નહિ, અથવાતો બંને મોક્ષના છે, સંસારી જીવ કોઇ પણ નથી એમ કહેવામાં પણ અતિશયોકિત નથી, માટે પ્રથમ પક્ષ આદરણીય નથી.

આ દોષથી બચવાની ખાતર જો બીજો પક્ષ માનવામાં આવે તો તે પણ દોષ ગ્રસ્ત હોવાથી આદરવા લાયક છેજ નહિ, કારણ કે "**क्रियते इति कर्म**"અર્થાત્ મિથ્યાત્વાદિ હેતુદ્વારા જે કરવામાં આવે તેનું નામ કર્મ કહેવાય. આ કથનથી એ ભાવ નીકળ્યો જે જયાં સુધી ક્રિયા કરવાવાળી વ્યકિત નથી ત્યાં સુધી એનું કર્મ નામજ કેવી રીતે આપી શકાય ? જેમ પિતા વિના પુત્રની ઉત્પત્તિ થઇ શકતી નથી તેમજ જીવ વિ-ના કર્મની પણ ઉત્પત્તિ કયાંથી થાય તેનો વિચાર આપજ કરશો. માટે બીજો પક્ષ પણ આપથી માની શકાય તેમ નથી. હવે રહ્યો ત્રીજો પક્ષ. તે પણ ઉપાદેય રૂપે થઇ શકે તેમ નથી, કારણકે સાથે ઉત્પન્ન થવા વાળા પદાર્થોમાં કર્ત્તા કર્મ-પણું કોઇ પણ ઠેકાણે જોવામાં આવતું નથી. જેમ સાથે ઉત્પન્ન થયેલ ગાયનાં બે શીંગડાંની અન્દર અમુક શીંગડું

કર્ત્તા છે અને અમુક કર્મ છે એવો વ્યવહાર થઇ શકતો નથી તેમજ જીવ અને કર્મને જો સાથે ઉત્પન્ન થયેલ માનવામાં આવે તો તેમાં પણ જીવ કર્ત્તા છે અને કર્મ તેથી ઉત્પન્ન થયેલાં છે એવો વ્યવહાર કેવી રીતે થઈ શકે એ વાત સહજ સમજી શકાય તેમ છે. માટે ત્રીજો પક્ષ પણ આપથી માની શકાય તેમ નથી. આથી એ સિદ્ધ થયું કે સાદિ પક્ષ યુકિતવિકળ હોવાથી આપનાથી માની શકાય તેમ છેજ નહિ. અને અનાદિ પક્ષ માનવામાં પણ જેમ જીવ અને આકાશનો અનાદિ કાળનો સંબન્ધ હોવાથી તેનો નાશ થઈ શકતો નથી અર્થાત્ અનાદિ અનન્ત છે તેમજ જીવની સાથે જો કર્મનો સંબન્ધ અનાદિ માનવામાં આવે તો તેનો નાશ બીલકુલ થવાનો નહિ અને જ્યારે કર્મનો સંબન્ધ બરાબર છે ત્યારે મુકિત કેવી રીતે મળી શકે, અને જ્યારે મુકિત મળી શકે તેમ છેજ નહિ ત્યારે તેને માટે, નિયમ વિગેરે યોગના અંગોની અથવા તો સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રની પાલના પણ શા માટે કરવી જોઇએ? માટે બંનેમાંથી એક પણ પક્ષ બુધ્ધિમાનોથી આદરી શકાય તેમ છેજ નહિ.

ઉ૦ સાદિ પક્ષમાં ત્રણ પ્રશ્નો કરી જે જે દોષનું આરોપણ કરવામાં આવ્યું તે તમામ દોષો ક્ષેમકુશળપૂર્વક તે પક્ષ માનવાવાળાના ઘરમાં જ રાખવા ઠીક છે, કારણ કે જ્યારે અમો સાદિપક્ષ માનતા નથી ત્યારે તે દોષો અમોને કેવી રીતે લાગુ પડી શકે તેનો વિચાર કરવાનું કામ પ્રશ્ન ઉપસ્થિત કરવાવાળાને સોંપવામાં આવે છે.

બીજા અનાદિ પક્ષ વિષયમાં જે દોષોનું આરોપણ કરવામાં આવ્યું તે દોષોનો જ્યાં સુધી ઉદ્ધાર કરવામાં આવે નહિ ત્યાં સુધી તેનો સ્વીકાર થઇ શકે નહિ એ વાત એક બાળક પણ સમજી શકે તેમ છે; અતએવ તેનો ઉદ્ધાર કરવો એ મુખ્ય કર્ત્તવ્ય રૂપ હોવાથી પ્રથમ તે ઉપર લક્ષ આપી તે પક્ષને સ્થિર કરવામાં આવેછે.

બીજ અને અંકુરની માફક પરસ્પર કાર્ય કારણરૂપ હોવાથી શરીર અને કર્મનો સંબંધ અનાદિ કાળનો છે એમ સજ્જનોને સ્વીકારવું જ પડશે. જેમ બીજ અગાડી થવાવાળા અંકુરનું કારણ છે અને થઇ ગયેલા અંકુરનું કાર્ય છે, અંકુર પણ એથી થવાવાળા બીજનું કારણ છે અને થઇ ગયેલ બીજનું કાર્ય છે તેમ શરીર પણ તેથી અગાડી થવાવાળા કર્મનું કારણ છે અને પૂર્વના કર્મથી બનેલું હોવાથી તેનું કાર્ય છે અને કર્મ પણ તેથી અગાડી થવાવાળા શરીરનું કારણ છે, અને જે દ્વારા તે કર્મ પેદા થયેલાં છે તે શરીરનું કાર્ય છે. માટે જેમ બીજથી અંકુર ઉત્પન્ન થાય છે અને અંકુરથી બીજ ઉત્પન્ન થાય છે એવો વ્યવહાર અનાદિકાળનો છે તેમજ શરીરથી કર્મ અને કર્મથી શરીર એ વ્યવહાર પણ અનાદિ કાળથી ચાલ્યો આવે છે એમ જરૂર સમજવું. અને જ્યારે શરીર કર્મનો સંબંધ અનાદિકાળનો છે ત્યારે તેનો કર્ત્તા પણ અવશ્ય હોવો જોઇએ, અને જે એ સંબંધ કર્ત્તા છે તેનું નામજ જીવ સમજવું.

ઘડાની ઉત્પત્તિમાં કર્ત્તા, કર્મ અને કરણ આ ત્રણ કારકની જરૂર પડે છે. કુંભાર કર્ત્તા છે, ઘટ કાર્ય પોતેજ કર્મ

છે અને દંડ કરણ છે. બીજાં બધાં નિમિત્ત કારણો છે. જેમ કુંભાર દંડ વિગેરે કરણની સહાયતાદ્વારા ઘટ કાર્યમાં સફળતા મેળવે છે, તેમજ જીવપણ શરીર બનાવવામાં કર્મરૂપ કરણની સહાયતા રાખે છે, કારણ કે તે સિવાય શરીર મળી શકેજ નહિ. જો કર્મ સિવાય પણ શરીર બનતું હોય તો મોક્ષના જીવોને પણ મળવું જોઇએ; માટે ખાસ ધ્યાન રાખવું જોઇએ કે કર્મ સિવાય શરીર બનેજ નહિ. અને જ્યારે કર્મ પેદા કરવું હોય ત્યારે શરીરની સહાયતાની જરૂર પડે છે. જો શરીર વિના પણ કર્મ પેદા થાય છે એમ માનવામાં આવે તો અશરીરી સિધ્ધના જીવોને પણ કર્મ પેદા થવું જોઇએ; માટે કર્મ પણ શરીરવિના પેદા થતું નથી એ વાત પણ ભૂલવી ન જોઇએ. પ્રસ્તુતમાં જેમ ઘડાને બનાવવાવાળો કુંભાર છે, તેમ આ ઠેકાણે શરીરને બનાવવાવાળો જીવ છે.

પ્ર૦ અતીન્દ્રિય કર્મની અંદર કરણપણું કેવી રીતે માની શકાય ?

ઉ૦ કાર્યદ્વારા કર્મમાં પણ કરણપણું માનવામાં લગાર માત્ર અડચણ જેવું નથી. કોઇ પણ કાર્ય કર્ત્તા અને કરણ સિવાય બની શકેજ નહિ. જેમ લાકડું કાપવામાં સુથાર કર્ત્તા છે, વાંસલો કરણ છે, તેમજ શરીર કાર્યનો કર્ત્તા જ્યારે જીવ છે ત્યારે કરણ પણ હોવું જોઇએ, અને જે કરણ છે તેનું નામજ આ ઠેકાણે કર્મ સમજવું. અથવા દાન દેવું વિગેરે જે જે ક્રિયાઓ છે તે તમામ ફળવાળી છે—જીવે કરેલી હોવાથી—કૃષિ વિગેરે ક્રિયાની માફક—અને જે તે ક્રિયાનું ફળ છે તેનું નામજ કર્મ સમજવું. આ તમામ કથનથી એ સમજવાનું છે કે શરીર-

દ્વારા જીવ અને કર્મનો સંબંધ અનાદિ કાળનો છે એમાં તો લગાર માત્ર શંકા જેવું છેજ નહિ. પરંતુ જે પ્રથમ શંકા કરવામાં આવી હતી કે જેનો સંબંધ અનાદિ હોય તેનો નાશ થાયજ નહિ, એનો ઉદ્ધાર પણ જ્યાં સુધી થાય નહિ ત્યાં સુધી પક્ષ કરવાવાળાને તો જરૂર બોલવાનો અવસર રહેવાનો તેથી એ વાત ઉપર હવે ખાસ ધ્યાન આપવામાં આવે છે.

જેનો સંબંધ અનાદિકાળનો હોય તેનો નાશ થાયજ નહિ એવો નિયમ છેજ નહિ. એવી ઘણી ચીજો દૃષ્ટિગોચર થાય છે કે અનાદિ સંબંધ હોવાવાળી છતાં પણ નષ્ટ થવાથી સંબંધ છુટી જાય છે. જેમ બીજ અને અંકુરનો સંબંધ અનાદિ કાળનો છે તો પણ બીજના નષ્ટ થવાથી અંકુર ઉત્પન્ન થતો નથી. અથવા કુકડી અને ઇંડાનો સંબંધ અનાદિ કાળનો છે તો પણ ઈંડાના નષ્ટ થવાથી કુકડી ઉત્પન્ન થતી નથી અને કુકડીના નષ્ટ થવાથી ઈંડું ઉત્પન્ન થતું નથી. જયારે આવી ઘણી ચીજોમાં અનાદિકાળનો સંબંધ દૃષ્ટિગોચર છે તો પણ તેનો નાશ થતોજ નથી એમ કહેવામાં કોઇપણ બુધ્ધિશાળી સાહસ કરી શકે તેમ નથી; તેમજ જીવ અને કર્મનો સંબંધ અનાદિકાળનો છે માટે તેનો નાશ થતોજ નથી એમ પણ કહેવાનું સાહસ કોણ બુધ્ધિશાળી કરી શકે તેનો વિચાર આપજ કરશો.

## અનાદિ સંબંધના પણ નાશનો ઉપાય.

જેમ સુવર્ણ અને માટીનો સંબંધ ખાણમાં અનાદિ કાળનો છે તો પણ તેને બહાર કાઢી અગ્નિમાં તપાવવાથી

સોનું અલગ થાય છે અને માટી અલગ થાય છે તેમજ નવીન કર્મને આવવાનો આશ્રવરૂપ દરવાજો બંધ કરવાથી અર્થાત્ સંવરપાલના કરવાથી નવીન કર્મ આવતું અટકી જાય છે અને જે અવશિષ્ટ પુરાણાં કર્મ જીવની પાસે રહ્યાં છે તેને માટે બાહ્ય અને આભ્યન્તર તપસ્યા કરવાથી ધ્યાન-રૂપી અગ્નિ જ્યારે તે કર્મરૂપી લાકડામાં પડે છે ત્યારે સંપૂર્ણ તેને બાળી ભસ્મ કરી બહાર ઉડાવી દે છે અને તે વખતે જે શુદ્ધ નિર્મળ આત્મા બને છે તેનું નામજ મોક્ષ સમજવું

અથવા જેમ તળાવમાં દરવાજા ઉઘાડા રાખવાથી તે પાણીથી ભરાઇ જાય છે અને તે દરવાજા જ્યારે બંધ કરવામાં આવેછે ત્યારે નવું પાણી આવતું અટકી જાયછે અને જે જૂનું પાણી બાકી રહ્યું છે તે પણ લોકોના વાપરવાથી તથા સૂર્યના તાપથી સુકાવાથી તળાવ ખાલી થઇ જાય છે તેમજ જીવરૂપી તળાવમાં હિંસા કરવી, અસત્ય બોલવું, ચોરી કરવી, સ્ત્રી ગમન વિગેરે વિષયોનું સેવન કરવું અને તૃષ્ણાની વૃદ્ધિ કરવી—આ પાંચ મ્હોટા દરવાજાને ઉઘાડા મૂકવાથી તેની અન્દર કર્મ રૂપી પાણી નિરન્તર આવ્યાજ કરેછે. અને જ્યારે અહિંસા વિગેરેની પાલના કરી-સંવરનું સેવન કરવામાં આવેછે ત્યારે પાંચ આશ્રવ રૂપી પાંચ દરવાજા બન્ધ થવાથી તે દ્વારા નવીન કર્મ રૂપી પાણી આવતું અટકી જાય છે, અને જૂનાં કર્મ રૂપી પાણી જે બાકી રહ્યું છે તેને ધ્યાનરૂપી સૂર્યનો તાપ લાગવાથી અર્થાત્ નિર્જરાતત્ત્વનું સેવન કરવાથી તે પણ તદ્દન સૂકાઈ જાય છે, તે વખતે આત્મા શુદ્ધ નિર્મળ પોતાના સ્વરૂપમાંજ જે મગ્ન બને છે તેનું નામ મોક્ષ સમજવું.

માટે આપજ કહીએ–કર્મના અનાદિ સંબન્ધનો પણ નાશ થયો કે નહિ. એ વાત ખૂબ ધ્યાનમાં રાખવી કે અનાદિ સંબન્ધનો પણ નાશ માનવામાં અનેકાન્ત વાદીઓને લગાર માત્ર અડચણ છેજ નહિ.

અમો તો અનાદિ સંબન્ધનો પણ કેટલાક જીવોનીઅપેક્ષાએ નાશ પણ માનીએ છીએ અને કેટલાક જીવોની અપેક્ષાએ નાશ થતો નથી એમ પણ માનીએ છીએ. જે જીવો કર્મને નાશ કરવાની સામગ્રી મેળવી શકે છે તેની અપેક્ષાએ તે સંબંધને અનાદિસાન્ત માનવામાં આવે છે, અને જે જીવો કર્મનાશક સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર રૂપ સામગ્રીને મેળવી શકતા નથી તેની અપેક્ષાએ અનાદિ અનન્ત પણ જીવની સાથે કર્મનો સંબંધ છે એમ માનવામાં અમને તો લગાર માત્ર અડચણ જેવું છેજ નહિ. તેમ કોઇ અપેક્ષાએ જીવની સાથે કર્મનો સંબંધ સાદિસાન્ત માનવામાં પણ અમને અડચણ છેજ નહિ, કારણ કે જે વખતે દાનાદિ ક્રિયાઓ કરવામાં આવે છે અને તે દ્વારા જે કર્મનો બંધ થાય છે તે અપેક્ષાએ સાદિ સમજવો અને જ્યારે તે કર્મના ઉદયમાં આવવાથી ભોગવ્યા બાદ આત્મપ્રદેશથી નીકળી જાય છે તેને લઇને સાન્ત સમજવો, અને એક આવે ને બીજું જાય એવો પ્રવાહ કાર્મણ શરીરને લઇને અનાદિકાળથી ચાલ્યો આવતો હોવાથી તેને લઇને અનાદિ સંબંધ માનવામાં પણ હરકત નથી.

પ્ર૦ દરેક જીવને કર્મનાશક સામગ્રી મળતી નથી તેનું શું કારણ?

ઉ૦ જેમ પાષાણુમાં મૂર્ત્તિ બનવાની યોગ્યતા છે, માટીમાં ઘડો બનવાની યોગ્યતા છે, પરંતુ દરેક પાષાણુની મૂર્ત્તિ બને તેમ દરેકે દરેક માટીના ઘડાએ બને એવું કંઇ છેજ નહિ. જે પાષાણુને સલાટ વિગેરે મૂર્ત્તિ બનવાની સામગ્રીનો સંયોગ થાય, જે માટીની સાથે કુંભાર વિગેરે ઘડો બનવાની સામગ્રીનો સંયોગ થાય તેજ પાષાણુની મૂર્ત્તિ ઉત્પન્ન થઇ શકે તથા તેજ માટીનો ઘડો ઉત્પન્ન થઇ શકે, બીજાથી નહિ; તેમજ જે વ્યક્તિને યોગના અંગ વિગેરે મોક્ષ મેળવવાની સામગ્રીનો સંયોગ થાય તેજ વ્યક્તિ મોક્ષ મેળવી શકે, બીજી નહિ. આથી એ પણ સમજવાનું છે કે બધા જીવો જ્યારે મોક્ષમાં જશે ત્યારે સંસાર જીવશૂન્ય થઇ જવાનો, એવું કથન પણ પૂર્વોક્ત યુક્તિથી અનદરણીય સમજવા જેવું છે. જો કારણુ વિના કાર્ય થાય એમ માનવામાં આવે તો જરૂર તે પ્રશ્નનો અવકાશ રહે, પરન્તુ જ્યારે કારણુ સામગ્રીને આધીન કાર્યની ઉત્પત્તિ માનવામાં આવી ત્યારે તે દોષ કયાંથી આવી શકે? કર્મના ક્ષયથી થતો મોક્ષ પણ જ્યારે કોઇ અપેક્ષાએ કાર્યરૂપ છે ત્યારે તેના અનુકુળ કારણુ જેને મળે તેને જ મોક્ષ મળી શકે, બીજાને મળવાનો નહિ; ત્યારે બતાવીએ સંસાર જીવશૂન્ય થવાનો ખરો? અર્થાત્ બીલકુલ નહિ; અને જ્યાં સંસાર જીવશૂન્ય નથી ઠરતો ત્યાં તેવા પ્રકારની શંકા પણ આકાશપુષ્પ જેવી કેમ ન સમજી શકાય?

અપરંચ, આવી રીતે યુક્તિ પુરઃસર પ્રતિપાદન કરવા છતાં પણ કેટલાક મહાનુભાવો પૂર્વાપરનો વિચાર કર્યા સિવાય કહેછે જે જેમ ધાન્યના કોઠારો દાણુાથી ઠાંસીને ભરેલા હોય

તો પણ સમયે સમયે એક એક દાણો કાઢવાથી સંપૂર્ણ કોઠાર કાલાન્તરે ખાલી થઇ જાય છે, તેમજ સંસાર પણ સમયે સમયે એક એક જીવની મુક્તિ થવાથી કાલાન્તરે ખાલી કેમ ન થાય? આ શંકા પણ સ્થૂલ દૃષ્ટિ જીવોની અપેક્ષાએ સમજવાનીછે, કારણ કે ભવિષ્યકાલના અનન્તા કરતાં પણ અનન્તના અનન્ત ભેદ હોવાથી જીવનું અનન્તું મ્હોટું જ્યારે માનવામાં આવ્યું છે ત્યારે સંસાર જીવથી ખાલી થઇ જવાની શંકાનો અવસર જ કેવી રીતે મળી શકે? આ વાતને વૈશેષિક લોકો પણ સારી-રીતે ટેકો આપે છે.

**अतएव च विद्वत्सु मुच्यमानेषु संततम् ।**
**ब्राह्मणलोके जीवानामनन्तत्वादशून्यता ॥**

* ભાવાર્થ—સમયે સમયે એક એક વિદ્વાન્ આત્માની મુક્તિ થાય તો પણ બ્રહ્માંડની અંદર જીવો અપરિમિત હોવાથી સંસાર જીવશૂન્ય કદાપિ થઇ શકવાનો નહિ. શૂન્યની આ શંકા તો શૂન્યવાદીના ઘરમાંજ રહેવાની.

## જીવ સંબંધી વિવેચન.

જીવના બે ભેદ છે—મોક્ષાવસ્થાના અને સંસારાવસ્થાના. જેઓ સંપૂર્ણ કર્મમળથી રહિત છે તેને મોક્ષાવસ્થાના સમજવા, અને જેની સાથે કર્મનો સંબંધ બરાબર છે તે સંસારાવસ્થાના જાણવા અર્થાત્ જે સંસરણ શીળ હોય તે

---

* આ શ્લોક ન્યાય વાર્તિકનો છે. વૈશેષિક લોકોએ પ્રશસ્તપાદ ભાષ્યની ટીકામાં આત્મનિરૂપણમાં આપ્યો છે.

સંસારી જાણવા. તેના પણ બે ભેદ છે—ત્રસ અને સ્થાવર. જે જીવોને ત્રસ નામ કર્મનો ઉદય હોય તે ત્રસ કહેવાય અને જેઓને સ્થાવર નામ કર્મનો ઉદય હોય તે સ્થાવર કહેવાય. ત્રસના ચાર ભેદ છે. બે ઇન્દ્રિયોવાળા શંખ, કરમીઆ વિગેરે; ત્રણ ઇન્દ્રિયોવાળા કીડી, મંકોડા, માકડ વિગેરે; ચાર ઇન્દ્રિયોવાળા માખી, મચ્છર, ડાંસ, ભ્રમર વિગેરે; અને પાંચ ઇન્દ્રિયોવાળા. પાંચ ઇન્દ્રિયોવાળા બે પ્રકારના છે– મનન શક્તિવાળા અર્થાત્ મનસહિત અને તેવા મનથી રહિત. જે મનસહિત છે તેને સંજ્ઞી પંચેન્દ્રિય કહેવામાં આવે છે, અને જેઓ મનરહિત છે તેને અસંજ્ઞી પંચેન્દ્રિય નામથી ઓળખાવવામાં આવે છે. મનવાળા જીવો ચાર પ્રકારના છે– દેવતાઓ, મનુષ્યો, તિર્યંચો અને નારકીઓ ઇન્દ્રિયોના પાંચ ભેદ છે– ત્વગિન્દ્રિય, જીહ્વેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, નેત્રેન્દ્રિય અને શ્રવણેન્દ્રિય. એકેન્દ્રિય જીવોને કેવળ ત્વગિન્દ્રિયજ હોય છે. બે ઇન્દ્રિયવાળાને ત્વગ્‌ની સાથે જીહ્વા પણ હોય છે. ત્રણ ઇન્દ્રિયવાળાને પૂર્વોક્ત બે ઉપરાંત ત્રીજી નાસિકા હોય- છે. ચાર ઇન્દ્રિયવાળાને પૂર્વોક્ત ત્રણ ઇન્દ્રિયની સાથે ચોથી ચક્ષુ પણ હોય છે. પંચેન્દ્રિય જીવોને આ ચારની સાથે પાંચમી શ્રવણેન્દ્રિય મેળવતાં પાંચ ઇન્દ્રિયો હોય છે.

એકેન્દ્રિયના પાંચ ભેદ છે—પૃથ્વીકાયિક, અપ્કાયિક, તેજસ્કાયિક, વાયુકાયિક અને વનસ્પતિકાયિક. આ એકેન્દ્રિયોને સ્થાવર નામ કર્મનો ઉદય હોવાથી તે સ્થાવર કહેવાય છે.

આ પાંચ એકેન્દ્રિયોની અન્દર કેટલાક લોકો જીવ મા- નતા નથી. તેઓને સમજાવવાની ખાતર હવે પ્રયાસ કરવામાં

આવે છે. જો કે પૃથ્વી વિગેરેમાં જીવ છે એવું સ્પષ્ટ ચિહ્ન કોઈ મળતું નથી તો પણ જેમ મદિરા પાન કરવાથી મૂર્છિત થયેલા જીવોમાં જાગ્રત અવસ્થા જેવું વ્યક્ત ચૈતન્ય જોવામાં આવતું નથી, પરન્તુ અસ્પષ્ટ ચિહ્ન દ્વારા તેમાં ચૈતન્ય શકિતનું અનુમાન થઇ શકે છે, તેમ પૃથ્વી વિગેરે-માં પણ વ્યકત ચિહ્ન દ્વારા ચૈતન્ય જોવામાં નથી આવતું તો પણ અવ્યક્ત ચિહ્નને લઇને તેમાં પણ ચૈતન્ય શકિતનું અનુમાન થઇ શકે.

પ્ર૦ મૂર્ચ્છિત અવસ્થામાં ઉચ્છ્વાસ વિગેરે અવ્યકત ચિહ્નો જોવામાં આવતાં હોવાથી તેમાં તો ચૈતન્ય શકિતનું અનુમાન કરવું સુલભ છે પરન્તુ પૃથ્વી વિગેરેમાં કોઈ પણ તેવું ચિહ્ન નહિ મળતું હોવાથી અનુમાન પણ કેવી રીતે થઈ શકે ?

## પૃથ્વી કાયમાં જીવની સિદ્ધિ.

ઉ૦ લવણ, પાષાણ વિગેરે પૃથ્વી પોતાના ઉત્પત્તિ સ્થા-નમાં સચેતન છે, કારણ કે છેદન ભેદન કરવાથી પણ ફરીથી તેજ સ્થાનમાં સમાન જાતિવાળા અંકુરોને પેદા કરે છે– મસાના માંસના અંકુરની માંફક. પૃથ્વીમાં પણ જયારે જીવને ઓળખવાનાં ચિહ્ન રૂપ અંકુરો પેદા થતા જોવામાં આવે છે ત્યારે એમાં પણ વ્યકત ચૈતન્ય શકિતનું અનુમાન કેમ ન થઇ શકે ? આવી રીતે અનુમાનદ્વારા તમામ પૃથ્વીમાં જીવની સિધ્ધિ સમજવી.

પ્ર૦ લવણ, પાષાણ વિદ્રુમ વિગેરે પૃથ્વી કઠિન પુદ્ગલ-રૂપ હોવાથી એમાં ચૈતન્ય છે એમ કેવી રીતે માની શકાય?

ઉ૦ જેમ શરીરમાં રહેલું હાડકું કઠિન અને સચેતન છે તેમ જીવાનુગત પૃથ્વીશરીર પણ કઠિન છે તો પણ એમાં ચૈતન્ય શક્તિ માનવામાં કંઇ પણ બાધ છેજ નહિ.

## પાણીમાં જીવની સિદ્ધિ.

હાથીના શરીરનું કારણ કલલની માફક શસ્ત્રદ્વારા નહિ હણાવા છતાં પણ જે પાણીમાં પાતળાપણું છે તે પાણી સચેતન સમજવું. અથવા જે પાણીનું દ્રવત્વ શસ્ત્રદ્વારા નાશ પામેલું ન હોય તે પાણી પણ સચેતન હોય છે- ઇંડામાં રહેલા પાણી જેવા કલલની માફક. કોઇવાર અપ્કાયપણું હોવાથી બીજા પાણીની માફક હિમ વિગેરેનું પાણી પણ સચેતન છે.

મચ્છની માફક વાદળાં વિગેરે કારણ સામગ્રીના સદ્-ભાવમાં પોતાની મેળે એકઠું થઇને પડેલું હોવાથી આકા-શમાં ઉત્પન્ન થયેલ પાણી પણ સચેતન છે.

શીત કાલમાં ઉષ્ણ સ્પર્શ ઉષ્ણ સ્પર્શવાળી વસ્તુથી થયેલો સમજવો-ઉષ્ણ સ્પર્શપણું હોવાથી-મનુષ્ય શરીરના ઉષ્ણ સ્પર્શની માફક. આ ઠેકાણે ઉષ્ણ સ્પર્શવાળી વસ્તુથી અપ્કાય સમજવું. શીતકાલમાં જલમાં જે બાફ દેખાય છે તે પણ ઉષ્ણ સ્પર્શવાળી વસ્તુથી ઉત્પન્ન થયેલ છે- બાફ-

પણું હોવાથી—શીત કાલમાં શીતળ જળ સિંચવાથી મનુષ્ય શરીરમાં નીકળતા બાફની માફક. આ ઠેકાણે બાફનું નિમિત્ત ઉષ્ણ સ્પર્શવાળી જે વસ્તુ છે તેને તૈજસ શરીરવાળા અપ્-કાય સિવાય બીજું કંઇ પણ સમજવું નહિ, કારણ કે જળની અંદર ઉષ્ણ સ્પર્શ અને બાફનું નિમિત્ત બીજી કોઇ પણ વસ્તુ જ્યારે થઇ શકતી નથી ત્યારે તેનેજ તૈજસ શરીર-વાળું અપ્કાય નિમિત્ત સમજવું.

એવી રીતે ગ્રીષ્મ કાલમાં બાહ્ય તાપથી તૈજસરૂપ અગ્નિના મન્દ થવાથી જળમાં જે શીતસ્પર્શ છે તે પણ મનુષ્ય શરીરના શીતળ સ્પર્શની માફક અપ્કાય જીવના નિમિત્તથી સમજવાનો છે.

## તેજસ્કાયમાં જીવની સિદ્ધિ.

ખદ્યોતના શરીરપરિણામની માફક શરીરમાં રહેલો હોવા-થી અંગારા વિગેરેનો પ્રકાશરૂપ પરિણામ પણ આત્માના સંયોગથી ઉત્પન્ન થયેલો સમજવો, તાવની ગરમીની માફક શરીરમાં રહેલ હોવાથી. અંગારા વિગેરેની ગરમી પણ આત્માના સંયોગથીજ થયેલી હોવી જોઇએ.

મનુષ્યના શરીરની માફક પોતાને યોગ્ય આહારના ગ્રહણદ્વારા વૃદ્ધિ વિગેરે વિકારો માલૂમ પડતા હોવાથી તેજને પણ સચેતન સમજવું.

## વાયુમાં જીવની સિદ્ધિ.

ગાય, ઘોડા વિગેરેની માફક બીજાએ પ્રેરિત તિર્ચ્છિ અનિયમિત દિશામાં ગતિ હોવાથી વાયુ પણ સચેતન છે અને જે અનિયમિત તિર્ચ્છિ દિશામાં ગમન કરવાવાળા હોય તેનું નામજ વાયુકાયિક જીવ સમજવા.

## વનસ્પતિમાં જીવની સિદ્ધિ.

સ્ત્રી, પુરૂષ વિગેરેમાં જન્મ, જરા, મરણ વિગેરેનું થવું તથા નિયમિત રીતે અવયવોની વૃદ્ધિ થવી, અને આહાર, રોગ, ચિકિત્સા વિગેરે જોવામાં આવવાથી જેવી રીતે તે સચેતન કહેવાય છે તેમજ વનસ્પતિમાં પણ જન્મ, જરા, જીવન, મરણ વિગેરેનું થવું તથા નિયમિત રીતે વૃદ્ધિને પામવું એવી રીતે આહાર, રોગ, ચિકિત્સા વિગેરેનો સદ્ભાવ જ્યારે જોવામાં આવે છે ત્યારે એમાં જીવ માનવાની અડચણ શાની હોવી જોઈએ? તથા ચંપક, બકુલ, અશોક વિગેરે અનેક વનસ્પતિઓનાં શરીર પણ મનુષ્યના શરીરના જેવાં ધર્મવાળાં છે; આ કારણથી વનસ્પતિમાં પણ જીવ માનવામાં લગાર માત્ર અડચણ નથી. જેમ પુરૂષનું શરીર બાળ, કુમાર, યુવા, વૃદ્ધાવસ્થા વિગેરે પરિણામવાળું હોવાથી સચેતન છે તેમજ વનસ્પતિનું શરીર પણ અંકુર, કિસલય, શાખા, પ્રશાખા વિગેરે દ્વારા પ્રતિનિયત વૃદ્ધિને પામતું માલૂમ પડે છે માટે તે પણ સચેતન હોવું જોઇએ.

જેમ જીવતા મનુષ્યનું શરીર, માલીક જ્ઞાનવાળો હોવાથી તે પણ જ્ઞાનવાળું દૃષ્ટિગોચર થાય છે તેમજ શમી, પ્રપુન્નાટ, આમલકી વિગેરે વનસ્પતિ વિશેષમાં પણ નિદ્રા, પ્રબોધ વિગેરે માલૂમ પડતા હોવાથી વનસ્પતિનું શરીર પણ જ્ઞાનવાળું હોવું જોઇએ. તથા તે જીવો નીચે ખાડો કરી રાખેલ ધનની રાશિને પોતાના અંકુરોથી જ્યારે વીંટે છે ત્યારે તેમાં મૂર્છા છે એમ કેમ ન માની શકાય?

વડ, પીંપળો, લીમડો વિગેરે વૃક્ષમાં વર્ષા ઋતુના મેઘના શબ્દો તથા શીતળ વાયુના સ્પર્શથી અંકુરા ઉત્પન્ન થાય છે, કામિનીના નૂપુર સહિત સુકુમાર પગની લાત મારવાથી અશોક વૃક્ષમાં પલ્લવ, ફૂલ, વિગેરે ઉત્પન્ન થાય છે, યુવતી સ્ત્રીના આલિંગનથી પનસના વૃક્ષમાં પણ પલ્લવ, ફૂલ વિગેરેનો ઉદ્ભવ જોવામાં આવે છે, સુગન્ધી મદિરાના કોગળા કરવાથી બકુલના વૃક્ષમાં પણ ફૂલ વિગેરે ઉત્પન્ન થાય છે, સુગન્ધવાળા નિર્મળ જલના સિંચવાથી ચંપાના વૃક્ષમાં પુષ્પ વિગેરે ઉત્પન્ન થાય છે, પંચમ સ્વરના ઉદ્ગારથી શિરીષના વૃક્ષમાં પણ ફૂલ વિગેરે ઉગતાં જોવામાં આવે છે. જેમ મનુષ્યને પંચેન્દ્રિયનું જ્ઞાન હોવાથી સચેતન માનવામાં આવે છે તેમજ ઉપર કહ્યા પ્રમાણે વનસ્પતિમાં પણ દરેક ઇન્દ્રિયવિષયક જ્ઞાન હોવાથી તે પણ સચેતન છે એમ કેમ ન કહી શકાય? જેમ મનુષ્યનું શરીર સ્તનપાન, શાક, દાળ, ભાત, દહીં, દૂધ, ઘી, રોટલી વિગેરે આહાર કરતું હોવાથી આહાર કરવાવાળું છે તેમજ પૃથ્વી, જલ, વાયુ વિગેરેનો આહાર કરતું હોવાથી વનસ્પતિનું

શરીર પણ આહાર કરવાવાળું છે. જેમ મનુષ્ય નિયમિત આયુષ્યવાળો છે તેમ જઘન્ય અન્તર્મુહૂર્તનું, ઉત્કૃષ્ટ દશ હજાર વર્ષનું, વચલું મધ્યમ આયુષ્ય કહેવાય—એ પ્રમાણે આયુષ્યવાળા વનસ્પતિના જીવો પણ છે. જેમ મનુષ્યના શરીરમાં ઈષ્ટ અનિષ્ટ આહાર મળવાથી વૃધ્ધિ હાનિ થતી જોવામાં આવે છે તેમજ વનસ્પતિના શરીરમાં પણ તેવા પ્રકારનો આહાર મળવાથી વૃધ્ધિ હાનિ પણ અનુભવની બહાર નથી. જેમ મનુષ્યના શરીરમાં રોગના સંબંધથી ઉદરની વૃદ્ધિ, સોજા, દુબળાપણું, આંગળીઓ, નાસિકા વિગેરેનું નીચા ઊંચાપણું, લાંબા ટુંકાપણું વિગેરે જોવામાં આવે છે તેમજ વનસ્પતિના શરીરમાં પણ તેવા પ્રકારના રોગના સદ્ભાવથી ફૂલ, ફળ, પત્ર, છાલ વિગેરેનું બીજા પ્રકારથી થવું અથવા તે તમામનું ખરી પડવું વિગેરે રોગનાં ચિહ્નો માલૂમ પડતાં હોવાથી તે પણ સચેતન છે એમ કહેવામાં શો બાધ છે? જેમ મનુષ્યના શરીરમાં ઔષધના પ્રયોગથી ચાંદા, છાલાં વિગેરેનો આરામ થવો દૃષ્ટિ ગોચર છે તેમજ વનસ્પતિનું શરીર પણ તેવા પ્રકારનું ઔષધના પ્રયોગથી થાય છે ત્યારે તે પણ સચેતન કેમ ન કહી શકાય? જેમ મનુષ્યના શરીરમાં રસાયનના પ્રયોગથી વિશેષ પ્રકારની કાંન્તિ, બળની વૃદ્ધિ વિગેરે જોવામાં આવે છે તેમજ વિશેષ પ્રકારનું ઇષ્ટ એવા આકાશથી પડેલ પાણીને સિંચવાથી સારો રસ, સારી ચિકાસ વિગેરે દેખવામાં આવતાં હોવાથી તે પણ સચેતન છે એમ જરૂર માનવું જોઇએ. જેમ સ્ત્રીને ગર્ભકાલમાં ઉત્પન્ન થતા દોહદના પૂરવાથી પુત્ર વિગેરેની ઉત્પત્તિ થાય છે તેમજ વનસ્પતિના શરીરમાં પણ

યુવતી સ્ત્રીનું આલિંગન વિગેરે દોહદના પૂરવાથી ફૂલ, ફળ વિગેરે ઉત્પન્ન થતાં જ્યારે જોવામાં આવે છે ત્યારે તે પણ સચેતન છે એમ જરૂર સમજવું. પૃથ્વી વિગેરેમાં પણ આવી રીતે ચૈતન્યની સિદ્ધિ સમજવી.

જે લોકો બે ઇન્દ્રિય વિગેરેમાં પણ જીવ માનતા નથી તે લોકોને યુક્તિ પુરઃસર સમજાવવામાં આવે છે.

## દ્વીન્દ્રિય વિગેરેમાં પણ જીવની સિદ્ધિ.

ઇન્દ્રિયોના નાશ થયા બાદ પણ આત્મા તે ઇન્દ્રિયદ્વારા ઉપલબ્ધ કરેલ અર્થનું સ્મરણ કરતો હોવાથી આત્મા ઇન્દ્રિયોથી જૂદો છે એમ જરૂર માનવું જોઇએ. જેની હૈયાતીમાં અનુભવ કરેલ પદાર્થનું જેના વિનાશ થયા બાદ પણ સ્મરણ જેને થાય છે તે વ્યકિત તેનાથી જરૂર ભિન્ન હોવી જોઇએ. જેમ ગોખમાં અનુભવેલ પદાર્થનું ગોખના વિનાશ થયા બાદ પણ, ધર્મપાલને તેજ પદાર્થનું સ્મરણ થતું હોવાથી ધર્મપાલ પણ તે ગોખથી જૂદો છે એમ સૌ કોઈ માને છે તેમજ ચક્ષુ વિગેરે ઇન્દ્રિયોના વિનાશ થયા બાદ પણ તેનું સ્મરણ જ્યારે આપણને થાય છે ત્યારે જરૂર ઇન્દ્રિયોથી આત્માને જૂદો માનવો જોઇએ. એમ જો માનવામાં નહિ આવે તો અને બીજાએ અનુભવેલા પદાર્થનું સ્મરણ બીજાને પણ થાય છે એમ માનવામાં આવે તો જીનદત્તે અનુભવેલ પદાર્થનું ધર્મપાલને પણ સ્મરણ થવું જોઇએ; અને જ્યારે આત્મા અલગ માનવામાં આવે ત્યારે ઇન્દ્રિયોદ્વારા અનુભવેલ પદાર્થનું ઇન્દ્રિયોનો નાશ થાય છે તો પણ આત્મા પોતે

અવિનાશી હોવાથી તેને સ્મરણુ થવામાં લગાર માત્ર અડચણુ જેવું છેજ નહિ.

અથવા આત્મા ઇન્દ્રિયોથી ન્યારો છે. તેનો વ્યાપાર હોવા છતાં પણુ ઉપયોગ શૂન્ય દશામાં પદાર્થનો અનુભવ થતો નથી એ વાત સ્વાનુભવસિદ્ધ છે. જેના વ્યાપારમાં જે પદાર્થનો અનુભવ કરતો નથી તે તેનાથી ભિન્ન હોય છે. જેમ નહિ ઢાંકેલ ગોખની અન્દર પણુ ઉપયોગ શૂન્ય થઇ જવાથી વસ્તુને નહિ જોવાવાળો ધર્મપાલ જેમ તે ગોખથી ભિન્ન છે તેમ ઇન્દ્રિયોના વ્યાપારકાલમાં ઉપયોગ શૂન્ય થઈ જવાથી પદાર્થનો અનુભવ નહિ કરવાવાળો આત્મા પણુ ઇન્દ્રિયોથી ન્યારોજ છે.

અથવા સંપૂર્ણ ઇન્દ્રિયોથી આત્મા જૂદો છે. લીંબુને ખાવાવાળાને આંખથી જોયા બાદ જીહ્વાની અંદરથી લાળ વિગેરેનું પડવું એવા વિકાર જ્યારે માલૂમ પડે છે ત્યારે જરૂર ઇન્દ્રિયોથી જૂદો આત્મા માનવો જોઇએ. અન્નની માફક શરીર જ્યારે ભોગ્ય છે ત્યારે તેનો ભોક્તા હોવો જોઇએ, અને જે તેનો ભોક્તા છે તેનું નામજ આત્મા સમજવો.

સુતાર જેમ વાંસલાદ્વારા લાકડાં કાપવાની ક્રિયા કરતો હોવાથી વાંસલાના પ્રેરક તરીકે ઓળખાય છે તેમજ ઇન્દ્રિય-દ્વારા પદાર્થને જાણુતો હોવાથી ઇન્દ્રિયોના પ્રેરક તરીકે આત્માને જરૂર જૂદો માનવો જોઇએ. આ ઉપરોક્ત અનુ-માનોથી દરેક આત્માની સિદ્ધિ સમજવી. તે જીવાત્માના ઘણા ભેદો છે. તે તમામ ભેદો જીવાભિગમ, પન્નવણા વિગેરે

સૂત્રો અને જીવવિચાર, નવતત્ત્વ વિગેરે પ્રકરણોથી પણ જાણવાની ભલામણ કરવામાં આવે છે.

## અજીવતત્ત્વ નિરૂપણ.

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય અને કાલ એમ પાંચ ભેદો અજીવના સમજવા.

## ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયનું નિરૂપણ.

ગતિ સ્થિતિ રૂપથી પરિણત થયેલ જીવ અને પુદ્ગલની ગતિ તથા સ્થિતિમાં સહાય દેવાવાળાં દ્રવ્યોને અનુક્રમે ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય કહેવામાં આવે છે અર્થાત્ જીવ અને પુદ્ગલની ગતિમાં સહાય દેવાવાળાનું ધર્માસ્તિકાય નામ છે, અને તે બંનેની સ્થિતિમાં સહાય દેવાવાળાનું અધર્માસ્તિકાય નામ છે. દૃષ્ટાન્ત તરીકે, જેમ મચ્છને ગતિમાં સહાયક દ્રવ્ય પાણી છે અને છાયાર્થિને સ્થિતિમાં સહાયક છાયા છે તેમ ધર્માસ્તિકાય તથા અધર્માસ્તિકાયમાં પણ સમજવું.

પ્ર૦ આકાશ સર્વવ્યાપક હોવાથી જેવી રીતે તેને અવકાશ દેવામાં સહાયક તરીકે માનવામાં આવે છે તેમજ ગતિ સ્થિતિમાં પણ સહાયક તરીકે તેનેજ માનવાથી સર્વ પ્રકારની ઉપપત્તિ જ્યારે થાય છે ત્યારે શા માટે તે બે પદાર્થોને અલગ માનવા જોઇએ ?

ઉ૦ ઘરના સમૂહરૂપ નગરનો આધાર જેમ કિલ્લો છે અને તે તેથી જૂદો છે તેમજ આકાશ પણ ધર્માસ્તિકાય વિગેરે પદાર્થોના આધારરૂપ હોવાથી આધારરૂપ આકાશને માનવું અને આધેયરૂપ ધર્માસ્તિકાય વિગેરેને ન માનવું તે કંઈ યુક્તિયુક્ત કહેવાય નહિ.

પ્ર૦ આકાશની અન્દર આધારપણાનો અભાવ ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય એ બે પદાર્થોને નહિ માનવાથી કંઇ પણ થવાનો છેજ નહિ. આ બે પદાર્થો નહિ માનીએ તો પણ જીવ અને પુદ્ગલનું આધારપણું આકાશમાં જ્યારે બરાબર છે ત્યારે ધૂલીપ્રક્ષેપ ન્યાયનું અવલંબન કરવું ન્યાય્ય ગણાય નહિ.

ઉ૦ આકાશનો અવકાશ આપવાનો સ્વભાવ,ધર્માસ્તિકાયનો ગતિમાં સહાયતા આપવાનો સ્વભાવ, અધર્માસ્તિકાયનો સ્થિતિમાં સહાયતા આપવાનો સ્વભાવ, જ્યારે આ ત્રણે ધર્મો આપસમાં વિરૂદ્ધ છે ત્યારે તેઓના ધર્મીઓ પણ તે ધર્મોના અનુકુળ તરીકે પૃથક્પણે જરૂર માનવા જોઇએ. કિંચ, ધર્માસ્તિકાય તથા અધર્માસ્તિકાયને પદાર્થ રૂપે પૃથક્ જો માનવામાં ન આવે અને કેવળ આકાશથીજ કામ ચલાવવામાં આવે તો જેમ મત્સ્યની ગતિ જલની સહાયતાથી થાય છે તેમ જલરૂપ સહાયક દ્રવ્ય ન માનવાથી પણ કેવળ આકાશમાં પૃથ્વીની ઉપર પણ થવી જોઇએ, કારણકે ગતિ સહાયક તરીકે જ્યારે કોઇ પણ દ્રવ્ય છેજ નહિ ત્યારે આકાશના સર્વત્ર રહેવાથી જલમાં ગતિ થાય અને જલ સિવાય બીજે ઠેકાણે ન થાય

તેનું શું કારણ તે સમજાવશો. આથી એ સિદ્ધ થયું કે મત્સ્યની ગતિમાં આકાશ દ્રવ્ય કારણ નથી પરન્તુ બાહ્ય કારણ તરીકે આપેક્ષિત કારણ જલ છે અને સાધારણ કારણ ધર્માસ્તિકાય છે. તેમજ જીવ પુદ્ગલની ગતિ સ્થિતિમાં પણ જ્યારે ઉપાદાન કારણ તેઓનો ગતિ સ્થિતિરૂપ પરિણામ છે ત્યારે સાધારણ નિમિત્ત કારણ તરીકે ધર્માસ્તિકાય અધર્માસ્તિકાયને પણ માનવા જોઈએ. આકાશને તો કેવળ અવકાશ આપવામાંજ સાધારણ કારણ તરીકે માનવું જોઇએ.

પ્ર૦ જેમ મત્સ્ય વિગેરેની ગતિ સ્થિતિ જલ વિગેરે બાહ્ય કારણને આધીન છે તેમજ જીવ અને પુદ્ગલની ગતિ સ્થિતિમાં સહાયક રૂપે બીજું કોઈ બાહ્ય કારણ માનવાથી જ્યારે કાર્ય થઇ શકતું હોય ત્યારે શા માટે આ બે પદાર્થોને અલગ માનવા જોઇએ?

ઉ૦ પૃથ્વી વિગેરે વિદ્યમાન હોવા છતાં પણ દરેક પદાર્થના સાધારણ અધિકરણ રૂપે આકાશને માનવામાં આવે-છે તેમ મત્સ્ય વિગેરેની ગતિમાં જલ વિગેરે બાહ્ય કારણ વિદ્યમાન હોવા છતાં પણ સાધારણ કારણ તરીકે તે બે પદાર્થને માનવામાં કંઇ પણ અડચણ નથી.

પ્ર૦ રોટલો લાવીને તેની ખેંચતાણ કરનારા સરખા બળવાળા બે કૂતરાઓમાંથી એક કૂતરો જેટલે દૂર તે રોટલાને લઇ જાય છે તેટલે દૂર પાછો બીજો ખેંચીને લઇ જાય છે; આથી કરીને એ બેમાંથી કોઇની પણ ગતિની ઉત્કૃષ્ટતા

તથા અપકૃષ્ટતાનો અવકાશ છેજ નહિ તેમજ પ્રસ્તુતમાં ધર્માસ્તિકાય તથા અધર્માસ્તિકાય જગત્ વ્યાપી હોવાથી જે સમયે જીવ અને પુદ્ગલ દ્રવ્યો ધર્માસ્તિકાયની સહાયતાથી ગતિમાં પ્રયત્નશીલ થાય છે તેજ સમયમાં અધર્માસ્તિકાય પણ વિદ્યમાન હોવાથી તેની સહાયતાથી સ્થિતિ કરવામાં પ્રયત્નશીલ કેમ ન થાય ? તથા જે સમયે અધર્માસ્તિકાયની સહાયથી સ્થિતિમાં પ્રયત્નશીલ થાય તેજ સમયમાં ધર્માસ્તિકાય પણ ત્યાં વિદ્યમાન હોવાથી તેની સહાયતાથી ગમનમાં પ્રયત્નશીલ કેમ ન થાય? આથી એ ભાવ નીકળ્યો જે એક બીજાનું પ્રતિબંધક કારણ જ્યાં વિદ્યમાન હોય ત્યાં બેમાંથી કંઇ પણ કાર્ય ન થવું જોઇએ અર્થાત્ ગતિ પણ ન થવી જોઇએ તેમજ સ્થિતિ પણ ન થવી જોઇએ.

ઉ૦ ગતિ પરિણામમાં સમર્થ એવા લંગડાને લાકડી સહાય કરવાવાળી છે. પરન્તુ ગતિક્રિયાના કર્ત્તારૂપ નથી. જો કદાપિ લાકડીને ગતિક્રિયાના કર્ત્તા તરીકે માનવામાં આવે તો સૂતેલા અથવા મૂર્ચ્છિત મનુષ્યની પાસે પણ લાકડીને રાખવાથી તે મનુષ્ય ચાલતો દેખાવો જોઇએ. એવી રીતે દેખવામાં સમર્થ એવા પુરૂષની આંખને દીવો પદાર્થોના દર્શનમાં સહાયક છે. પરન્તુ દર્શન ક્રિયાના કર્ત્તા તરીકે માનવામાં આવે તો આંધળાની પાસે પણ દીવો મૂકવાથી તેને પણ દરેક ચીજનું દર્શન થવું જોઇએ. એમ તો છેજ નહિ, ત્યારે જેમ ગતિ ક્રિયામાં લાકડીને કર્ત્તા ન માનતાં સહાયક તરીકે માનો છો, તેમ ધર્માસ્તિકાય તથા અધર્માસ્તિકાયને પણ ગતિ તથા સ્થિતિના કર્ત્તા રૂપ ન માનતાં

સાધારણ સહાયક તરીકે જરૂર માનવા જોઇએ. અને જે બે કૂતરાનું દૃષ્ટાન્ત આપવામાં આવ્યું તે તો જ્યારે અમો ધર્માસ્તિકાયને ગતિના કર્ત્તા તરીકે માનીએ ત્યારેજ લાગુ પડી શકે, કારણ કે બંને કૂતરાઓ ગતિના કર્ત્તા છે, તો આપજ બતાવીએ કે એ દૃષ્ટાંત અત્ર કેવી રીતે લાગુ પડી શકે?

અપરંચ, ઉત્કૃષ્ટ ગતિ સ્થિતિરૂપ ક્રિયા પરિણામના સામર્થ્યથી પક્ષીઓને જલાદિરૂપ બાહ્ય કારણ વિના પણ ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયની સહાયતાથી ગતિ સ્થિતિ થાય છે; તેમજ સમસ્ત જીવ પુદ્ગલની પણ ગતિસ્થિતિ આ બે તત્ત્વોની સહાયતાથી થાયછે એમ જરૂર માનવું જોઇએ.

પ્ર૦ ઉપયોગ સ્વભાવવાળો જીવ તો સ્વસંવેદ્ય હોવાથી તેને માનવામાં લગાર પણ અડચણ નથી, પરંતુ જે પદાર્થો દેખવામાં કોઇ પણ વખતે આવતા નથી એવા વન્ધ્યાપુત્ર જેવા. ધર્માસ્તિકાય વિગેરે માનવાની શી જરૂર છે?

ઉ૦ એવો નિયમ નથી કે જે દેખવામાં ન આવે તેને માનવાજ ન જોઇએ; એમ છતાં પણ એવો નિયમ માનશો કે જે દેખવામાં ન આવે તેને માનવાજ નહિ ત્યારે તો આપના પૂર્વજોને આપે કદાપિ ન જોયેલા હોવાથી તેને પણ ન માનવા જોઇએ; તેમજ ઈશ્વર, પરમાણુ વિગેરે ઘણા પદાર્થો છે કે જે દૃષ્ટિગોચર કોઈ પણ દિવસે આવતા જ નથી તો શા માટે તે પદાર્થો માનવા જોઇએ?

અપરંચ, પદાર્થને નહિ દેખાવા રૂપ અનુપલબ્ધિ બે પ્રકારની છે—એક વાંઝણીના પુત્રની માફક અસત્ પદાર્થની, અને બીજી સાચા પદાર્થની. એમાં સાચા પદાર્થ નહિ દેખાવાના અનેક પ્રકારો છે. જેમ ઘણા દૂર દેશમાં ગયેલો ધર્મપાલ અત્ર દેખાતો નથી તેથી એનો અભાવ સમજવાનો નથી, પરન્તુ દેશથી દૂરપણુંજ નહિ દેખાવામાં કારણ સમજવું. જે વ્યકિત થયાં ઘણો કાલ થયો હોય અને તે કારણથી તે ન દેખાય તેથી એનો અભાવ માની શકાય નહિ—જેમ રામ, રાવણ, તમારા પૂર્વજો વિગેરે. કેટલાક પદાર્થો સ્વભાવથી દેખવામાં આવતા નથી—જેમ ભૂત, પિશાચ વિગેરે. કેટલીક વસ્તુઓ અત્યન્ત નજીક રહેવાથી દેખવામાં આવી શકતી નથી—જેમ આંખની કીકી વિગેરે. કેટલીક વસ્તુઓ સૂક્ષ્મ હોવાથી દેખવામાં આવતી નથી—જેમ પરમાણુ વિગેરે. કેટલીક વસ્તુઓ એક બીજાથી અભિભૂત થવાથી દેખવામાં આવતી નથી—જેમ દિવસમાં સૂર્યના પ્રકાશથી દબાઇ ગયેલ છે પ્રકાશ જેનો એવા ગ્રહ, નક્ષત્ર, તારા વિગેરે. કેટલીક ચીજો અતીન્દ્રિય હોવાથી દેખવામાં આવતી નથી—જેમ ઇશ્વર, આત્મા વિગેરે. એવી રીતે અનેક પ્રકારની અનુપલબ્ધિ હોવા છતાં પણ જેમ તે વસ્તુઓનો અભાવ માનવામાં આવતો નથી તેમ ધર્માસ્તિકાય વિગેરે પણ અતીન્દ્રિય હોવાથી ન દેખાય એથી એનો અભાવ માની શકાય નહિ. આ યુકિતઓ સિવાય પણ અનુમાન પ્રમાણ એ બે પદાર્થોની સત્તામાં સાધન રૂપ છે.

ગતિ અને સ્થિતિ રૂપથી પરિણત થયેલ જીવ અને પુદ્ગલની જે ગતિ સ્થિતિ છે તે સ્વયમેવ પોતાના પરિણામનો આવિ-

ર્ભાવ થયા બાદ પારિણામિક, નિર્વર્તક અને નિમિત્ત કારણથી ભિન્ન કોઈ પણ ઉદાસીન કારણને આધીન છે, કારણ કે સ્વાભાવિક પર્યાયપણું રહેવા છતાં પણ કદાચિત્ સદ્ભાવ દેખવામાં આવતો હોવાથી મત્સ્યના દૃષ્ટાન્તમાં ઉદાસીન કારણ જેમ જલ છે તેમજ આ ઠેકાણે પણ આ ત્રણ કારણથી ભિન્ન જે કોઇ ઉદાસીન કારણ છે તેનું નામજ ધર્માસ્તિકાય તથા અધર્માસ્તિકાય સમજવું. અથવા સ્વયમેવ ગતિ સ્થિતિ રૂપથી પરિણત થયેલ જીવ અને પુદ્ગલની ગતિ સ્થિતિમાં સહાયભૂત ધર્માસ્તિકાય તથા અધર્માસ્તિકાય છે તે પણ અપેક્ષા કારણ રૂપ સમજવું.

ભાવાર્થ—આ ઠેકાણે અસ્તિ પદનો પ્રદેશ અર્થ કરવો. જેનો વિભાગ થઇ શકે નહિ તે પ્રદેશ કહેવાય અર્થાત્ પ્રકૃષ્ટ દેશ તેજ પ્રદેશ સમજવો. કાય પદથી તે પ્રદેશોનો સમૂહ સમજવો. તે બંને પદાર્થોના પ્રત્યેકના અસંખ્ય તા પ્રદેશો પુદ્ગલ જેવા સમજવા નહિ. પુદ્ગલના રૂપી પ્રદેશો છે અને આના અરૂપી છે. જેટલો લોકાકાશ છે તેટલામાં સર્વ ઠેકાણે આ બંને પદાર્થોના પ્રદેશો છે. પોતાની મેળે ગતિ સ્થિતિરૂપથી પરિણત થયેલાં જીવ પુદ્ગલને ગતિ સ્થિતિમાં સહાય કરવાવાળા અને અપેક્ષા કારણરૂપ ધર્માસ્તિકાય તથા અધર્માસ્તિકાય છે.

કારણના ત્રણ ભેદ છે—જેમ ઘડાનું માટી પારિણામિક કારણ છે, દંડ વિગેરે નિમિત્ત કારણ છે અને કુંભાર નિર્વર્તક કારણ છે. તેમાં નિમિત્ત કારણના બે ભેદ છે—એક નિમિત્ત

કારણ અને બીજું અપેક્ષા કારણ. જેમાં પ્રયોગથી ક્રિયા ઉત્પન્ન થાય અર્થાત્ પુરૂષના વ્યાપારથી ક્રિયા ઉત્પન્ન થાય તે દંડ વિગેરે નિમિત્ત કારણો સમજવાં; અને જેમાં સ્વભાવથી ક્રિયા ઉત્પન્ન થાય તે અપેક્ષા કારણ જાણવાં. ધર્માસ્તિકાય તથા અધર્માસ્તિકાય ગતિ સ્થિતિરૂપ ક્રિયામાં નિમિત્ત કારણ છે તો પણ એને સ્વભાવ ક્રિયાના ભેદને લઇને અપેક્ષા કારણ તરીકે માનવામાં આવે છે અર્થાત્ સાધારણ કારણરૂપ છે.

ધર્માસ્તિકાય વિગેરે દ્રવ્યમાં રહેલ ક્રિયા પરિણામની અપેક્ષા રાખનારાં જીવાદિ દ્રવ્યો ગત્યાદિ ક્રિયા પરિણામને પુષ્ટિ કરે છે. ગતિ ક્રિયામાં સહાયભૂત અરૂપી પ્રદેશના સમૂહરૂપ દ્રવ્યને ધર્માસ્તિકાય કહેવામાં આવે છે, અને સ્થિતિમાં સહાયભૂત અરૂપી પ્રદેશના સમૂહરૂપ દ્રવ્યને અધર્માસ્તિકાય કહેવામાં આવે છે. જ્યાં સુધી આ બે દ્રવ્યો છે ત્યાં સુધી લોક સમજવો, અને બાકીનો અલોક સમજવો. આ બે પદાર્થો માન્યા સિવાય કોઇથી પણ લોકાલોકનો વ્યવહાર થઇ શકવાનો નહિ, માટે જરૂર આ બે પદાર્થો માનવા જોઇએ. આજકાલના વૈજ્ઞાનિક લોકો પણ ગતિસ્થિતિમાં સહાયભૂત સૂક્ષ્મ પદાર્થ માને છે.

## આકાશ નિરૂપણ.

સંસારમાં જેટલી ચીજો રૂપી છે તે દરેક ચીજ કોઈ પણ આધાર દ્રવ્યમાં રહેલી હોવી જોઇએ. જ્યારે આવો નિયમ છે ત્યારે પૃથ્વી વિગેરે પદાર્થોનું પણ આધાર દ્રવ્ય કોઇ માનવું જોઇએ. આ કથન અયુક્ત ગણાશે નહિ. જેમ

ઘટ વિગેરેમાં રહેલ જલ વિગેરેનો આધાર ઘટ વિગેરે છે તેમજ પૃથ્વીનો જે આધાર છે તેનું નામજ આકાશતત્ત્વ સમજવું. આ સિવાય અવકાશ દેવારૂપ લક્ષણથી પણ આકાશની સિદ્ધિ થાય છે.

પ્ર૦ શબ્દ ગુણના આધારરૂપે જ્યારે આકાશની સિદ્ધિ થાય છે ત્યારે શા માટે સરળ માર્ગને છોડીને વાંકા માર્ગનો આશ્રય લેવો જોઇએ?

ઉ૦ શબ્દ પોતે આકાશનો ગુણ નથી કિન્તુ પુદ્ગલના પરિણામ રૂપ છે અર્થાત્ શબ્દ તો રૂપી હોવાથી દ્રવ્ય સ્વરૂપ છે, ગુણ રૂપ નથી, કારણ કે શબ્દમાં રહેલ મૂર્ત્તિમત્તા તો હૃદય, કંઠ, તાળવું, ઓષ્ઠ, જીહ્વા, દાંત વિગેરે દ્રવ્યનો વિકાર થવાથી સ્પષ્ટ માલૂમ પડી શકે તેમ છે. તો આપ જ બતાવીએ કે જ્યારે શબ્દમાં આકાશનું ગુણપણું નથી ત્યારે તે દ્વારા આકાશની સિદ્ધિ કેવી રીતે થાય? જીવ, પુદ્ગલ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય–આ તમામ દ્રવ્યો એમાં અવગાહીને રહ્યાં છે. તેમાં પણ આકાશના અસંખ્યાત પ્રદેશવાળા એક એક વિભાગમાં અલગ અલગ જીવનો અવગાહ છે. તેના એક પ્રદેશમાં પુદ્ગલના એક પરમાણુનો, બેમાં બે પરમાણુનો અને એકમાં પણ બે પરમાણુનો અવગાહ છે. એવી રીતે એકજ પ્રદેશમાં સંખ્યાતા પરમાણુના સ્કન્ધનો, અસંખ્યાતા પરમાણુના સ્કન્ધનો અને અનન્ત પરમાણુના સ્કન્ધનો પણ અવગાહ છે. પુદ્ગલમાં અનન્ત શક્તિ હોવાથી તથા વિચિત્ર પ્રકારનો પરિણામ હોવાથી કંઈ પણ બાધા જેવું નથી. એક તોલાભાર પારાની અંદર ઔષધના પ્રયો-

ગથી સો તોલાભાર ચાંદી સમાઇ જાય છે અને તોળવાથી વજન બીલકુલ વધારે થતું નથી, કિન્તુ પારાના વજન જેટલા તોલાભારજ વજન થાય છે અને ફરીથી ઔષધના પ્રયોગ દ્વારા બહાર કાઢીને તોળવાથી ચાંદી સો તોલાભાર થાય છે અને પારો એક તોલાભાર રહે છે; ઉપર જણાવ્યા મુજબ જેવી રીતે એક તોલાભારમાં સો તોલાભારનો સમાવેશ થઇ શકે છે તેમજ એક પ્રદેશમાં અનન્ત પરમાણુના સ્કન્ધને રહેવામાં પણ અડચણ જેવું કંઈ સંભવી શકતું નથી.

## કાલ નિરૂપણ.

કાલના વિષયમાં બે મતો છે. એક મત એવા પ્રકારનો છે જે કાલને દ્રવ્ય તરીકે ન માનતાં દ્રવ્યના પર્યાય રૂપે માને છે. બીજાઓ તેને સ્વતંત્ર દ્રવ્યરૂપ માને છે. જેના મતમાં કાલ દ્રવ્યરૂપ નથી તેના મતમાં પાંચ અસ્તિકાય રૂપ લોક છે, અને જે લોકો તેને દ્રવ્ય માને છે તેના મતમાં છઠ્ઠા કાલને ગણતાં છ દ્રવ્યો છે. જ્યાં કેવળ આકાશ દ્રવ્ય એકલુંજ છે તેનું નામ અલોકાકાશ રાખવામાં આવ્યું છે. જે દ્રવ્યો પોતાની મેળે અવગાહ રૂપથી પરિણત થયેલ હોય તેનેજ આકાશ અવકાશ આપે છે, પરંતુ અવગાહ રૂપથી જે દ્રવ્યો પરિણત ન થયેલાં હોય તેને બલાત્કારથી કંઇ આકાશ અવકાશ આપી શકતું નથી. ગતિ પરિણત મત્સ્યની ગતિમાં જલ જેમ નિમિત્ત કારણ છે તેમ આકાશ પણ અવગાહ રૂપથી પરિણત થયેલ દ્રવ્યને અવકાશ આપવામાં નિમિત્ત કારણરૂપ છે.

પ્ર૦ અલોકાકાશમાં અવગાહ રૂપથી પરિણત થયેલ દ્રવ્ય કોઇ પણ જ્યારે છેજ નહિ ત્યારે જે અવકાશ દેવાવાળું હોય તે આકાશ કહેવાય—આ લક્ષણ ચરિતાર્થ કેવી રીતે થશે ?

ઉ૦ ગતિ અને સ્થિતિમાં સહાયભૂત ધર્માસ્તિકાય તથા અધર્માસ્તિકાય દ્રવ્યો જો ત્યાં હોય તો જરૂર અલોકાકાશ પણ અવકાશ દાનદ્વારા ઉપકાર કરી શકે; પરન્તુ તે બંને પદાર્થો તે ઠેકાણે ન હોવાથી અવકાશ દેવાનો ગુણ તેમાં વિદ્યમાન છે તો પણ અવકાશ આપી શકતું નથી–જેમ કોઇ સ્ત્રીમાં પુત્ર ઉત્પન્ન કરવાની શક્તિ છે તો પણ પુરૂષ સંયોગના અભાવમાં પુત્ર ઉત્પન્ન ન થાય તેથી એમાં તેવા પ્રકારની શક્તિનો અભાવ થઇ ગયો એમ સમજવાનું છેજ નહિ. અથવા જાવજીવ પર્યન્ત બ્રહ્મચર્ય પાળવાવાળા પુરૂષને પુત્ર ઉત્પન્ન કરવાની શક્તિ હોવા છતાં પણ સ્ત્રી સંયોગનો અભાવ હોવાથી પુત્ર ઉત્પન્ન ન થાય તેથી શક્તિનો અભાવ તેમાં સમજવાનો નથી. તેવીજ રીતે અલોકાકાશમાં પણ અવકાશ દેવાની શકિત છે તો પણ ધર્માસ્તિકાય વિગેરે ગતિમાં સહાયભૂત પદાર્થો અને જીવ, પુદ્‌ગલ વિગેરે અવકાશ લેવાવાળા પદાર્થો ન હોવાથી તેમાં અવકાશ આપવાની શકિત નષ્ટ થઇ ગઇ એમ કદાપિ સમજવું નહિ. પ્રસંગોપાત્ત આટલું કહ્યા બાદ હવે પ્રસ્તુત વિષયને ચર્ચવામાં આવે છે. અઢી દ્વીપમાં વર્તવાવાળો પરમ સૂક્ષ્મ અને જેના બે ભાગ કલ્પી શકાય નહિ એવા સમય વિશેષને કાલ કહેવામાં આવે છે. પોતે સમયરૂપ હોવાથી તેમાં પ્રદેશ પણ નથી અને પ્રદેશના અભાવમાં તેના સમૂહરૂપ કાયવ્યવહાર પણ થઇ શકતો નથી. ષડ્‌દર્શન

સમુચ્ચયની ટીકાના પૃ૦ ૬૫ આત્માનંદ સભામાં છપાવી છે તેમાં પણ આ વાતનો સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તે કાલ સૂર્ય, ગ્રહ, નક્ષત્રના ઉદય અસ્તની ક્રિયા દ્વારા જાણી શકાય છે; અને જે લોકો કાલને દ્રવ્ય તરીકે સ્વીકારે છે તે લોકો પણ સમય વિશેષનેજ દ્રવ્યપર્યાય ઉભય સ્વરૂપ માનેછે. દરેક પર્યાય ઉત્પાદ ધર્મવાળો છે તો પણ પોતાના પર્યાયના સમૂહમાં વ્યાપી દ્રવ્યરૂપથી નિત્ય છે એમ દ્રવ્યાર્થિક નય માને છે, કારણ કે અતીત, અનાગત અને વર્તમાન આ ત્રણ અવસ્થામાં પણ આ અતીત કાલ છે, આ અનાગત કાલ છે એવો વ્યવહાર સર્વદા થાય છે, માટે નિત્ય છે; અને તેજ કાલ વર્તના લક્ષણ વિગેરે પોતાના પર્યાયથી અનિત્ય છે. આ કાલ પદાર્થની ઉત્પત્તિમાં ઉપાદાન કારણ નથી તેમ નિર્વર્તક કહેતાં કર્ત્તા કારણ રૂપ પણ નથી; કિન્તુ પોતાના કારણ કલાપથી ઉત્પન્ન થતા પદાર્થોને અમુક કાલમાંજ થવું, બીજામાં નહિ—આવા પ્રકારની અપેક્ષા રહેવાથી તેને અપેક્ષા કારણ રૂપ માનવામાં આવે છે. કાલ પોતે જગત્માં વર્તનાદિ પર્યાયદ્વારા ઉપકાર કરી શકે છે. તેજ વર્તનાદિ પર્યાયદ્વારા કાલ અનુમેય છે.

પ્રથમ સમયનો આશ્રય કરવાવાળી સ્થિતિ વિશેષનું નામ વર્તના સમજવું. પોતાના જાતિપણાનો ત્યાગ કર્યા સિવાય પ્રાયોગિક ક્રિયા વિગેરેથી ઉત્પન્ન થયેલ દ્રવ્યના પર્યાય વિશેષને પરિણામ કહેવામાં આવે છે. જેમ વૃક્ષના અંકુર, મૂળ, શાખા, પ્રશાખા વિગેરે અવસ્થા વિશેષ પરિણામ છે. પ્રથમ આ વૃક્ષના અંકુરો દેખાતા હતા, પશ્ચાત્ એનું મૂળ જોવામાં આવ્યું, હવે શાખા, પ્રશાખા વિગેરે

જોવામાં આવે છે અને આગળ સારી રીતે ફળશે, આ તમામ તેના પરિણામો સિવાય બીજું શું કહી શકાય ? પુરૂષના બાલ, યુવા, વૃદ્ધાવસ્થા વિગેરે પરિણામો સમજવા. તે પરિણામના બે ભેદ છે-એક અનાદિ પરિણામ, બીજો સાદિ પરિણામ. ધર્માસ્તિકાય વિગેરેમાં તથા મેરૂ, વિમાન વિગેરેમાં અનાદિ પરિણામ સમજવો, ઇન્દ્રધનુષ, વાદળાં વિગેરેમાં સાદિ પરિણામ સમજવો. સરખી જાતની વનસ્પતિમાં પણ એક કાલમાં વિચિત્ર પ્રકારનો જે પરિણામ જોવામાં આવે છે તેમાં પણ તેવાજ પ્રકારનું પોતપોતનું નામ કર્મજ કારણ છે. તથા જીવની અંદર પ્રયોગ તથા વિસ્રસાદ્વારા પરિણામ ઉત્પન્ન થાય છે તે પરિણામના વ્યાપારનું કારણ ક્રિયા સમજવી અને તે ક્રિયાનો પણ અનુગ્રાહક કાલ સમજવો, કારણ કે ઘડો નષ્ટ થયો, સૂર્યને જોઉંછું, વૃષ્ટિ થશે—એવા અતીત કાલ વિગેરે વ્યવહારો પણ જેની અપેક્ષાથી થાય છે તેનું નામ પણ કાલ સમજવું. વર્તના પરિણામ વિગેરે કાળને ઓળખવાનાં ચિહ્નો છે.

વિદ્યમાન પદાર્થો પોતેજ પોતાની મેળે ઉત્પન્ન થાયછે, નષ્ટ થઇ જાય છે અને સ્થિર પણ રહેછે—આવા પ્રકારનું અસ્તિપણું દરેક પદાર્થમાં પોતાની મેળે રહેલ છે; તેમાં કાલની અપેક્ષા છેજ નહિ. જીવોના શ્વાસ અને ઉચ્છવાસ, નિમેષ, ઉન્મેષ આયુનું પ્રમાણ વિગેરેનું જે વર્તવું તે કાલની અપેક્ષાથી છે એમ સમજવું નહિ, કારણ કે તુલ્ય જાતિવાળા પદાર્થોનું પણ એક કાલમાં તેવા પ્રકારનું વર્તવું માલૂમ પડતું નથી તો પણ કાલની અપેક્ષા કરવાવાળા પદાર્થો છે એમ કેવી રીતે માની શકાય? એમ હોવા છતાં

પણ માનવામાં આવે તો તુલ્ય જાતિવાળા તમામ પદાર્થોનું પણ એક કાલમાં વર્તવાપણું દૃષ્ટિગોચર થવું જોઇએ. આ પ્રાણ, અપાન વિગેરેની વૃત્તિ પણ એક કાલમાં થતી નથી અને તેનો વિરામ પણ એક કાલમાં થતો નથી. આ કારણથી પણ પદાર્થની વૃત્તિમાં કાલની અપેક્ષાની જરૂર રહેતી નથી.

એવી રીતે પરિણામ પણ કાલની અપેક્ષાવાળો નથી, કિન્તુ પોતાની મેળેજ કારણકલાપ મળવાથી પદાર્થ તેવા રૂપથી પરિણત થાય છે. તેમાં કાલની શી જરૂર રહે છે એનો વિચાર સ્વયમેવ કરવા લાયક છે. તેમજ મ્હોટો હોય તે પર કહેવાય, નાનો હોય તે અપર કહેવાય–આવા પ્રકારના મ્હોટા નાનાના વ્યવહારને માટે પણ પરત્વ અપરત્વરૂપ કાલના લિંગને માનવાની જરૂર રહેતી નથી, કારણ કે તે પરત્વ અપરત્વ પણ સ્થિતિની અપેક્ષા રાખવાવાળાં છે અને સ્થિતિ અસ્તિત્વની અપેક્ષા જરૂર રાખે છે, અને જ્યારે અસ્તિત્વ સ્વતઃ સિદ્ધ છે ત્યારે તે સ્થિતિરૂપ પરત્વને માટે કાલ માનવાની શી જરૂર છે? આથી એ સિદ્ધ થયું કે જે લોકો કાલને દ્રવ્યરૂપે માનતા નથી તેઓના વિચાર પ્રમાણે વર્તના, પરિણામ વિગેરે તમામ દ્રવ્યોના પર્યાય રૂપ સમજવા, પરંતુ અપેક્ષા કારણરૂપ કાલ દ્રવ્ય છે એમ લગાર માત્ર સમજવાની ભૂલ કરવી નહિ. અને જ્યારે કાલ પોતેજ દ્રવ્ય નથી ત્યારે મહા પ્રલય કાલ વિગેરે વન્ધ્યા પુત્ર જેવાની તો વાતજ શી કરવી? ખંડમાં ખંડમાં પૂર્વ પર્યાયોનું નષ્ટ થવું, બીજા પર્યાયથી ઉત્પન્ન થવા રૂપ દ્રવ્યના પર્યાય વિશેષને જો ખંડ પ્રલયરૂપ માનવામાં આવે તો તે સંભવી શકે

તેમ છે. કાલના નિરૂપણમાં જે વિચાર ભિન્નતા બતાવવામાં આવી તેમાંથી જે યુક્તિયુક્ત હોય તે આદરવું એમાં વિશેષ વિવાદની જરૂર છેજ નહિ.

## પુદ્ગલ દ્રવ્યનું નિરૂપણ.

સ્પર્શ, રસ, ગન્ધ અને વર્ણવાળું જે હોય તે પુદ્ગલ કહેવાય. જો પૂરણ ગલન સ્વભાવ રૂપ વ્યુત્પત્તિ અર્થનોજ આશ્રય કરીને લક્ષણ બાંધવામાં આવે તો પરમાણુમાં પૂરણ ગલનપણું નહિ હોવાથી તે પુદ્ગલ રૂપ છે એમ કહી શકાશે નહિ. જેમ '**गच्छति**' કહેતાં ચાલતી હેય તેજ ગાય કહેવાય એવું જો લક્ષણ કરવામાં આવે તો બેઠેલી ગાય, સુતેલી, ગાય, ખાલી ઊભી રહેલી ગાય—એમાં ચાલવાપણું નહિ હોવાથી તે ગાય છે એમ કહેવાશે નહિ, અને ચાલતા પુરૂષની અંદર લક્ષણ ઘટવાથી ગાયનો વ્યવહાર થવાનો પ્રસંગ આવશે. માટે વ્યુત્પત્તિ અર્થનો આશ્રય ન કરતાં જે શબ્દની પ્રવૃત્તિમાં જે નિમિત્ત હોય તેનું અવલંબન કરવું તેજ સર્વોત્તમ છે. તેમાં પણ પ્રથમ સ્પર્શ શબ્દ મૂકવાથી એ સૂચિત થયું કે જ્યાં સ્પર્શ હોય ત્યાં રસ વિગેરે હોવાજ જોઇએ. અત એવ જ્યારે જલ વિગેરેમાં સ્પર્શ છે ત્યારે તેમાં પણ ગન્ધ વિગેરે અવશ્ય હોવા જોઇએ-પૃથ્વીની માફક દ્રવ્ય મનમાં પણ અસર્વગત દ્રવ્યપણું હોવાથી પાર્થિવ પરમાણુની માફક સ્પર્શ વિગેરે સહભાવી ગુણો અવશ્ય માનવા જોઇએ.

સ્પર્શના આઠ ભેદ છે—મૃદુ, કઠિન, ગુરૂ, લઘુ, શીત, ઉષ્ણ, સ્નિગ્ધ, રૂક્ષ. તેમાં પણ સ્નિગ્ધ, રૂક્ષ, શીત, ઉષ્ણ—આ ચાર સ્પર્શો પરમાણુમાં છે અને સ્કન્ધોમાં આઠ સ્પર્શો છે.

તીખો, કડવો, તુરો, ખાટો, મીઠો એમ રસના પાંચ ભેદ છે, અને લવણ રસને તો કેટલાક મધુરનો અન્તર્ગત માને છે અને કેટલાક રસાન્તરના સંયોગથી માને છે. સુગન્ધિ અને દુર્ગન્ધિ એમ ગન્ધના બે ભેદ છે. કાળો પીળો, ધોળો, લાલ, લીલો—આ પાંચ વર્ણના ભેદો સમજવા. પુદ્‌ગલના કેવળ સ્પર્શાદિ ચારજ પ્રકારો છે એમ સમજવું નહિ પરંતુ શબ્દ, બન્ધ, સૌક્ષ્મ્ય, સ્થૌલ્ય, સંસ્થાન, ભેદ, અંધકાર, છાયા, આતપ, ઉદ્યોત–આ પણ પ્રકારો છે. તેમાં પણ આટલી વિશેષતા સમજવી–પરમાણુમાં તો સ્પર્શાદિ ચારજ ધર્મો છે અને શબ્દ વિગેરે દશ પ્રકારના ધર્મો સ્કન્ધમાં છે એમ ખાસ ધ્યાનમાં રાખવું.

## શબ્દમાં પુદ્‌ગલદ્રવ્યના પરિણામપણાની સિદ્ધિ.

મૂર્ત્તપણું હોવાથી શબ્દ પોતે પુદ્‌ગલદ્રવ્યના પરિણામરૂપ છે અને તેમાં રહેલી મૂર્ત્તતા પણ હૃદય, કંઠ, મસ્તક, જીહ્વા, મૂળ, તાળવું, ઓષ્ઠ વિગેરે દ્રવ્યાન્તરના વિકારથી સ્પષ્ટ જોવામાં આવી શકે તેમ છે. જેમ પીંપળ વિગેરે વસ્તુઓ પણ દ્રવ્યાન્તરના વૈકારિક સંયોગથી વિકૃત માલૂમ પડે છે તેમ શબ્દ પણ તેવા પ્રકારના દ્રવ્યના સંયોગથી પુદ્‌ગલના વિકારરૂપ છે એમ ધ્યાનમાં રાખવા લાયક છે.

જ્યારે ઢોલ, નગારાં, ત્રાંસાં, ઝાલર, તબલાં વિગેરેને વગાડવાથી નીચેના ભાગમાં કંપ માલૂમ પડે છે ત્યારે ખાસ સમજવું જે શબ્દ જો મૂર્ત્ત ન હોય તો ઢોલ વિગેરેમાં અવાજ થવાથી નીચે કંપ શાનો જોવામાં આવી શકે?

અભિઘાત પણ મૂર્ત્ત દ્રવ્યમાંજ હોઇ શકે છે. શબ્દમાં પણ ઢોલ વિગેરેને જોર શોરથી વગાડવાથી એક બીજામાં જે અભિઘાત જોવામાં આવે છે તે પણ શબ્દમાં રહેલી મૂર્ત્તતા નહિ તો બીજું શુ કહી શકાય? તથા તોપ વિગેરેના જોરદાર શબ્દ સાંભળવાથી કાનમાં લોકો બધિર થઇ જાયછે. જો કદાચ શબ્દમાં મૂર્ત્તતા માનવામાં ન આવે તો અરૂપી આકાશ, કાલ વિગેરેમાં જેમ અભિઘાત થવાની તથા કંપ થવાની શક્તિ જોવામાં આવતી નથી તેમ શબ્દમાં પણ અનુભવ ગોચર ન થવી જોઇએ. માટે માનવું જોઇએ જે શબ્દ અમૂર્ત્ત નથી, કિન્તુ મૂર્ત્ત છે. અનુમાન પ્રમાણ શબ્દમાં પુદ્ગલદ્રવ્યપણું સિધ્ધ કરી આપે છે.

શબ્દ આકાશનો ગુણ નથી, કારણ કે જેમ પર્વતમાં ફેંકેલ પત્થર અભિઘાત પ્રતિઘાતને કરે છે તેમ શબ્દ પણ અભિઘાત પ્રતિઘાતને કરતો હોવાથી પત્થરની માફક શબ્દને પણ મૂર્ત્ત માનવો જોઇએ.

અથવા તૃણ અને પાંદડાની માફક વાયુથી પ્રેરિત થતો હોવાથી શબ્દ આકાશનો ગુણ નથી, અથવા દિવાની માફક સર્વ દિશામાં ગ્રાહ્યપણું હોવાથી આકાશનો ગુણ શબ્દ હોઈ શકે જ નહિ. તથા તારાનો સમૂહ જેમ સૂર્યના પ્રકાશથી પરાભવને પામે છે તેમજ મ્હોટા શબ્દથી નાનો શબ્દ દબાઇ જતો હોવાથી આકાશનો ગુણ શબ્દ હોઈશકે નહિ. માટે શબ્દને પુદ્ગલના પરિણામરૂપ માનવો તેજ સર્વોત્તમ છે

પ્ર૦ શંખનો નાશ થવાથી જેમ તેના કકડામાં રૂપ માલૂમ પડે છે તેમજ શબ્દ જો રૂપી હોય તો તેમાં પણ દેખવામાં કેમ આવતું નથી, માટે શબ્દ રૂપી નથી એમ માનવું જોઇએ.

ઉ૦ નિર્વાણ થઇ ગયેલ દિવાની શિખામાં રૂપ વિદ્યમાન છે તો પણ દેખવામાં આવતું નથી એથી કરીને એનો અભાવ જેમ આપ માનતા નથી અથવા પરમાણુમાં રૂપાદિ ગુણોને વિદ્યમાન હોવા છતાં પણ દેખવામાં નહિ આવતા હોવાથી જેમ તેનો અભાવ માનતા નથી તેમ શબ્દમાં પણ સૂક્ષ્મપણું હોવાથી એમાં રૂપ વિગેરે દેખવામાં ન આવે તેથી એનો અભાવ માનવો એ બુદ્ધિમત્તા કહી શકાય નહિ. આ તમામ યુક્તિ પ્રમાણથી એ સિદ્ધ થયું કે મૂર્ત્ત હોવાથી પુદ્ગલદ્રવ્યપણું શબ્દમાં માનવામાં લગાર માત્ર સંકોચનો અવકાશ છેજ નહિ.

શબ્દના બે ભેદ છે—એક અવ્યક્ત શબ્દ અને બીજો વ્યક્ત શબ્દ. તત, વિતત, ઘન, શુષિર વિગેરે અવ્યક્ત શબ્દના ભેદો સમજવા. વીણા વિગેરેના શબ્દને તત શબ્દ કહેવામાં આવે છે. મૃદંગ વિગેરેના શબ્દને વિતત શબ્દ કહેવામાં આવે છે. કાંસી, તાલ વિગેરેના શબ્દને ઘન કહેવામાં આવે છે. વાંસળી વિગેરેના શબ્દને શુષિર કહેવામાં આવે-છે. એક બીજાનો ઘસારો થવાથી ઉત્પન્ન થયેલ શબ્દને ઘર્ષ કહેવામાં આવે છે. જે શબ્દમાંથી અક્ષરો સાફ માલૂમ પડતા હોય તેવા ભાષાત્મક શબ્દને વ્યક્ત શબ્દ તરીકે ઓળખાવવામાં આવે છે.

એક પરમાણુનું બીજાની સાથે મળી જવું તેનું નામજ બન્ધ સમજવો. એક પરમાણુ બે ગણા સ્નેહગુણવાળો હોય અને બીજો ચાર ગણા સ્નેહ ગુણવાળો હોય તો બન્ધ થાય છે, અને એક બે ગણા રૂક્ષ ગુણવાળો અને બીજો ચાર ગણા રૂક્ષવાળો હોય તો બન્ધ થાય. આથી એ સમજવાનું છે જે સરખી જાતનાં પુદ્ગલોમાં એક બીજાથી બે ગણા અધિક ગુણો હોય તોજ બન્ધ થાય. એક બે ગણા સ્નેહ ગુણવાળો પરમાણુ હોય અને બીજો બે ગણા રૂક્ષ ગુણવાળો પરમાણુ હોય તો પણ આપસમાં એનો બન્ધ થવામાં લગાર માત્ર અડચણ જેવું નથી એમ સર્વત્ર સમજવું.

તે બન્ધના ત્રણ ભેદ છે—પ્રાયોગિક બન્ધ, વિસ્રસા બન્ધ અને મિશ્ર બન્ધ. જે બન્ધમાં જીવના પ્રયત્ન નિમિત્ત હોય તે પ્રાયોગિક બન્ધ કહેવાય અને તે બન્ધ ઔદારિક શરીર વિગેરેમાં સમજવો. જે બન્ધ સ્વભાવથી થાય તે વૈસ્રસિક બન્ધ કહેવાય. તે બન્ધ વાદળાં, ઇન્દ્રધનુષ વિગેરેમાં છે. જેમાં ઉભય નિમિત્ત હોય તે મિશ્ર બન્ધ કહેવાય. તે બન્ધ ઘટ, પટ, સ્તંભ વિગેરેમાં સમજવો.

સૂક્ષ્મપણાના બે ભેદ છે—અન્તિમ સૂક્ષ્મપણું અને આપેક્ષિક સૂક્ષ્મપણું. પ્રથમ સૂક્ષ્મપણું પરમાણુમાં સમજવું. કેરીથી લીંબુ, તેથી બોર, તેથી ચણા, તેથી ઘઉં, તેથી રાઇ—આ તમામમાં આપેક્ષિક સૂક્ષ્મપણું સમજવું.

સ્થૂલપણાના બે ભેદ છે–અન્તિમ અને આપેક્ષિક. અચિત્ત મહાસ્કન્ધમાં અન્તિમ સ્થૂલપણું સમજવું, અને રાઇથી ઘઉં, તેથી ચણા, તેથી બોર, તેથી લીંબુ, તેથી કેરી આ તમામમાં આપેક્ષિક સ્થૂલપણું સમજવું.

પૌદ્‌ગલિક સંસ્થાનના પાંચ ભેદ છે. વૃત્ત, ચતુસ્ર, ત્ર્યસ્ર, આયત, પરિમંડલાકાર—આ પાંચ મુખ્ય ભેદો છે. બીજા અવાન્તર તો ઘણા ભેદો સમજવા. લાકડા વિગેરેને વ્હેરવાથી જે વ્હેર ભૂકો નીકળે તેને ઐાત્કરિક ભેદ જાણવો. ઘઉં વિગેરેને દળવાથી જે આટો વિગેરે ઉત્પન્ન થાય તે ચૌર્ણિક ભેદ સમજવો, ઘડા વિગેરેને ફોડવાથી જે કકડા થાય તે ખંડ ભેદ કહેવાય, તથા અબરક વિગેરેની અંદરથી જે પડ નીકળે તે પ્રતર ભેદ થાય. લોઢાના તપાવેલા ગોળા ઉપર હથોડા મારવાથી અન્દરથી જે અગ્નિના કણીઆ નીકળે તે અનુચટન ભેદ કહેવાય. આ પાંચ પ્રકારના ભેદના ભેદો સમજવા.

દૃષ્ટિના પ્રતિઘાતમાં જે કારણ હોય તે અંધકાર કહેવાય. જેમ આંખની આગળ જાડું કપડું આવવાથી પદાર્થો જોઈ શકાતા નથી તેમ અંધકારમાં પદાર્થો જોઇ શકાતા ન હોવાથી કપડાની માફક અંધકાર પણ પુદ્‌ગલનો પરિણામ સમજવો. પ્રકાશનું જે આવરણ હોય તે છાયા કહેવાય. આની અંદર પણ શીત સ્પર્શ હોવાથી આ પુદ્‌ગલના પરિણામરૂપ સમજવી. છાયાના બે ભેદ છે—એક તદ્‌વર્ણવિકાર રૂપા અને બીજી ખાલી પ્રતિબિંબ માત્ર રૂપા. સ્વચ્છ દર્પણ વિગેરેમાં જે મુખની છાયા દેખવામાં આવે તે તદાકાર પરિણામથી પરિણત થયેલ હોવાથી તદ્‌વર્ણવિકાર રૂપા કહેવાય; અને જેમાં આકૃતિ સાફ દેખવામાં આવે નહિ તે પ્રતિબિંબ માત્ર રૂપા કહેવાય.

જેમાં ઉષ્ણ પ્રકાશ માલૂમ પડે તે આતપ કહેવાય. તેનો ઉદય સૂર્ય વિમાનમાં વર્તવાવાળા બાદર પૃથ્વીકાય

જીવોને હોય છે. શરીર, વચન, મન, પ્રાણ, અપાન વિગેરે દ્વારા પણ પુદ્ગલો જગત્માં ઉપકાર કરી શકે તેમ છે. ઉદારિક વર્ગણા વિગેરે પુદ્ગલથી બનેલાં પાંચ પ્રકારનાં શરીરોદ્વારા સંસારી જીવો સારૂં, ખરાબ તમામ પ્રકારનું જગત્માં કામ કરી શકે છે. ભાષા રૂપથી પરિણત થયેલ ભાષાને યોગ્ય દ્રવ્ય સંતતિને ભાષા કહેવામાં આવે છે. આ પણ પુદ્ગલના પરિણામ રૂપ સમજવી. તે દ્વારા પણ સારો, નરસો ઉપદેશ વિગેરે આપી જગત્નું હિતાહિત કરી શકાય છે.

મનો રૂપથી પરિણત થયેલ અને મનનને યોગ્ય દ્રવ્ય સંતતિને દ્રવ્યમન કહેવામાં આવે છે. તે પણ સારા નરસા વિચાર કરવામાં ઘણુંજ ઉપયોગી છે. શ્વાસોચ્છવાસ પણ તેથી બનેલા હોવાથી તે પણ જીવોને જીવન શક્તિ ઓળખવામાં ઉપકાર રૂપ છે. તે સિવાય સુખ, દુઃખ, જીવિત, મરણ વિગેરે પણ પુદ્ગલના પરિણામ રૂપ સમજવા.

સાતા વેદનીય કર્મના ઉદયથી આત્માનું જે પ્રસન્ન થવું તે સુખ કહેવાય. આ સાતા વેદનીયનો ઉદય પણ સારા પુદ્ગલના પરિણામ સિવાય બીજું કંઇ સમજવાનું છેજ નહિ.

અસાતા વેદનીયના ઉદયથી આત્માનો જે કલેશરૂપ પરિણામ થાય તે દુઃખ કહેવાય. આ પણ ખરાબ પુદ્ગલના ઉદય સિવાય બીજું કંઇ છેજ નહિ.

આયુષ નામ કર્મના ઉદયથી પ્રાણનો સંબંધ જે બરાબર રહેવો તેનું નામ જીવન કહેવાય. અને તેજ નામ કર્મનો સંબંધ પૂરો થવાથી પ્રાણના સંબંધનો જે ઉચ્છેદ જોવામાં આવે તે મરણ કહેવાય. આ બંને કર્મ પુદ્‌ગલના પરિણામ રૂપ હોવાથી પુદ્‌ગલ સ્વરૂપજ છે. આ બંને દ્વારા પણ જગતનું હિતાહિત થઈ શકે છે. આ સંક્ષેપથી દ્રવ્યનું સ્વરૂપ સમજાવવામાં આવ્યું. વિસ્તારથી જાણવાની ઇચ્છાવાળાએ તત્ત્વાર્થવૃત્તિ, દ્રવ્યલોકપ્રકાશ વિગેરે ગ્રન્થો જોવાથી વિશેષ જ્ઞાન મેળવી શકાશે. ઇતિશમ્.

